આજનો સુવિચાર
એક સારો વિચાર અનેક ખોટા વિચારને દૂર કરી શકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૪૧ જૂનાગઢ તા. ૩-૨-૨૦૨૩ શુકવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

# અદાણી મામલે સંસદમાં ધમાલ : જેપીસી અથવા સુપ્રિમ કોર્ટની કમિટી દ્વારા તપાસ કરાવવા વિપક્ષની માંગણી

## અદાણી એન્ટરપ્રાઈઝનાં શેરમાં આજે સવારે ૩૫ ટકાનો જબ્બર ઘટાડો : રૂા. ૩૫૦૦નાં શેરની કિંમત રૂા.૧૦૦૦ થઈ ગઈ

નવી દિલ્હી તા. ૩

અદાણી ગ્રુપ અંગે હિંડનબર્ગના રિપોર્ટને લઈને સંસદથી લઈને શેરબજારમાં ભારે હલચલ મચી ગઈ છે. વિપક્ષ અદાણી ગ્રુપ ઉપર લાગેલાં આરોપો ઉપર તપાસની માંગ કરી રહ્યા છે. સંસદમાં શુક્રવારે એટલે આજે પણ ઉગ્ર હોબાળો થયો છે. લોકસભા ૨ વાગ્યા અને રાજયસભા ૨.૩૦ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. વિપક્ષ જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી અથવા સુપ્રિમ કોર્ટના નેતૃત્વમાં કમિટી બનાવવાની માંગ કરી રહ્યું છે. આ દરમ્યાન અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં આજે સવારે ૩૫ ટકા નો તિવ્ર ઘટાડો નોંધાયો છે. એક શેરની કિંમત ૧૦૦૦ રૂપિયાની નજીક પહોંચી ગઈ છે. રિપોર્ટ આવતાં પહેલાં શેરનો ભાવ ૩૫૦૦ રૂપિયાની નજીક હતો. આ પ્રકારે કંપનીના શેર ૯ દિવસમાં ૭૦ ટકા ઘટી ગયા છે. અમેરિકાના સ્ટોક એક્સચેન્જ ડાઉ જોંસે પણ અદાણી એન્ટરપ્રાઈઝને સસ્ટેનબિલિટી ઈન્ડેક્સથી બહાર કરી દીધા છે.

બીજી બાજુ, કોંગ્રેસે ૬ ફેબ્રુઆરીએ દેશવ્યાપી પ્રદર્શન કરવાનું એલાન કર્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન અડગેએ સંસદ પરિસરમાં આ મામલાને લઈને વિપક્ષ પાર્ટીની મીટિંગ બોલાવી. જેમાં કોંગ્રેસ, TMC, આમ આદમી પાર્ટી, સપા, DMK, જનતા દળ અને લેફ્ટ સહિત ૧૩ પાર્ટીઓ સામેલ થઈ શકે છે. કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે પાર્ટી કાર્યકર્તા ૬ ફેબ્રુઆરીએ દેશભરના જિલ્લામાં સ્થિત LIC અને SBI કાર્યાલયો સામે વિરોધ-પ્રદર્શન કરશે. વિપક્ષી નેતાઓએ કહ્યું કે, શેરબજારના આ અમૃતકાળનો સૌથી મોટો મહાગોટાળો છે.

બાંગ્લાદેશે અદાણી પાવર લિમિટેડ સાથે ૨૦૧૭માં વીજળી ખરીદી ઉપર સમજોતો કર્યો હતો. બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડે ગુરુવારે અદાણી પાવરને ચિઠ્ઠી લખી છે. જેમાં વીજળી ખરીદીની કિંમતમાં ફેરફાર કરવાની માગ કરી છે. BPDCના જણાવ્યા પ્રમાણે તેમને મોંઘી વીજળી મળી રહી છે. BPDC એ નવેમ્બર ૨૦૧૭માં ૨૫ વર્ષ માટે ૧૪૯૬ મેગાવોટ વીજ પુરવઠા માટે અદાણી પાવર સાથે ડીલ કરી હતી. NSE એ અદાણી ગ્રુપના ત્રણ શેરને શોર્ટ ટર્મ માટે એડિશનલ સર્વિલાન્સ મેજર્સ લિસ્ટમાં સામેલ કરી લીધું છે. તેમાં અદાણી પોર્ટ, અદાણી એન્ટરપ્રાઈઝ અને અંબુજા સિમેન્ટ પણ સામેલ છે. ASM સર્વિલાન્સની એક રીત છે, જેના દ્વારા માર્કેટના રેલ્યુલેટર સેબી અને માર્કેટ એકસચેન્જ BSE, NSE તેના ઉપર નજર રાખે છે. જેનું લક્ષ્ય રોકાણકારોના હિતોની રક્ષા કરવાનું હોય છે. કોઈ શેરમાં ઉતારચઢાવ થવાથી તેને ASM માં મુકી દેવામાં આવે છે.

# એક પછી એક ફટકા : વિશ્વનાં ટોપ-૨૦ ધનિકોની યાદીમાંથી અદાણી આઉટ

મુંબઈ તા. ૩

અમેરિકી રિસર્ચ ફર્મ હિંડનબર્ગના રિપોર્ટ બહાર પડ્યા બાદ અદાણી ગ્રુપની કંપનીના શેરોમાં જે સુનામી જોવા મળી રહી છે. ગૌતમ અદાણી સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા છે. રોજે રોજ અદાણી ગ્રુપની નેટવર્થમાં પણ મોટો કડાકો સર્જાઈ રહ્યો છે. છેલ્લા આંકડા મુજબ ગૌતમ અદાણી હવે દુનિયાના ૨૦ સૌથી ધનિક લોકોની યાદીમાંથી પણ બહાર થઈ ગયા છે. સાથે જ અદાણીને ઉપરાઉપરી બીજા ઝટકા પણ મળ્યા છે.

ન્યૂયોર્ક શેર બજાર ડાઉ જોન્સે અદાણી ગ્રુપની કંપની અદાણી એન્ટરપ્રાઈઝને મોટો ઝટકો આપતા S&P Dow Jones Indices માંથી હટાવવાનો નિર્ણય લીધો છે. શેર બજાર તરફથી બહાર પડેલી નોટ મુજબ અદાણી એન્ટરપ્રાઈઝને Dow Jones સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સથી હટાવવામાં આવશે. અદાણી એન્ટરપ્રાઈઝ અંગેની આ કાર્યવાહી સ્ટોકમાં હેરફેર અને એકાઉન્ટિંગ ફ્રોડના આરોપોના વિશ્લેષણ બાદ કરાઈ છે. બીજી બાજુ નેશનલ સ્ટોક એક્સચેન્જ NSE એ પણ અદાણી ગ્રુપ પર મોટો નિર્ણય લીધો છે. એનએસઈએ ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ના ટ્રેડિંગ માટે ફ્યૂચર એન્ડ ઓપ્શન ઉપર રોક લગાવી છે. ગ્રુપની ૩ કંપનીઓને તો પહેલેથી જ સર્વિલાન્સ ઉપર રખાઈ છે. આ પગલાં બાદ એનએસઈ તરફથી બહાર પાડવામાં આવેલા નિવેદનમાં કહેવાયું કે કંપનીના શેરોની નિગરાની થશે. બ્લુમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ મુજબ ગૌતમ અદાણીની નેટવર્થમાં આવેલા ઘટાડાના પગલે હવે તેઓ અબજોપતિઓની યાદીમાં ગગડીને ૨૧માં નંબરે પહોંચી ગયા છે. તેમની કુલ સંપત્તિ ઘટીને ૬૧.૩ અબજ ડોલર થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં તેમને ૧૦.૭ અબજ ડોલરનું નુકસાન થયું છે. શેરોમાં ઘટાડાના પગલે જે સ્થિતિ બની છે તેના લીધે ગૌતમ અદાણી ફેસબુકના માર્ક ઝુકરબર્ગથી પણ પાછળ થઈ ગયા છે. ઝુકરબર્ગની કુલ નેટવર્થ ૬૯.૮ અબજ ડોલર છે. જે આ યાદીમાં ૧૩માં નંબરે છે. ગૌતમ અદાણી ગુરુવારે ૬૪.૭ અબજ ડોલર સાથે વિશ્વના ધનિકોની યાદીમાં ૧૬માં નંબરે હતાં પણ માત્ર ૨૪ કલાકમાં જ તેઓ પાંચ ક્રમ ગગડીને ૨૧માં નંબરે પહોંચી ગયા. ગત વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ કમાણી કરનારા વ્યક્તિ તરીકે પોતાની ઓળખ બનાવનારા અદાણી માટે વર્ષ ૨૦૨૩ ખુબ જ ખરાબ સાબિત થઈ રહ્યું છે. નુકસાનની વાત કરીએ તો બ્લુમબર્ગના આંકડા મુજબ આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં તેમની ૫૯.૨ અબજ ડોલરની સંપત્તિ સાફ થઈ ગઈ છે. છેલ્લા ૧૦ દિવસમાં તેમણે ૫૨ અબજ ડોલર ગુમાવ્યા છે. ગૌતમ અદાણીની સંપત્તિમાં આવેલા ઘટાડાના પગલે હવે તેઓ ટોપ ૨૦ની યાદીમાંથી બહાર થયા અને અન્ય અબજપતિ મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘટાડો થયો છે. અને તેઓ પણ ટોપ ૧૦ની યાદીમાંથી બહાર થઈ ગયા. છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૫ મિલિયન ડોલરના એક જ દિવસના નુકસાનના પગલે તેઓની નેટવર્થ ઘટીને હવે ૮૦.૩ અબજ ડોલર રહી ગઈ છે. આ સાથે તેઓ બ્લુમબર્ગના બિલિયોનર્સ રિપોર્ટ મુજબ ૧૨માં ક્રમે પહોંચી ગયા છે.

# ગતરાત્રે ગુજરાતનાં આકાશમાં રહસ્યમય ચમકતી વસ્તુ દેખાઈ

અમદાવાદ તા. ૩

ગુજરાતના આકાશમાં સમયાંતરે રહસ્યમયી ચીજવસ્તુઓ દેખાતી રહે છે. દર વર્ષે એલિયન જેવા આકારની વસ્તુઓ ગુજરાતમાં કુતુહલ જગાવતી હોય છે. તો ક્યારેય સ્પેસશિપના કાટમાળ આવીને પડતા હોય છે. ત્યારે ગત મોડી સાંજે ફરી એકવાર ગુજરાતના અનેક શહેરોના આકાશમાં રહસ્યમયી આકારે લોકોને ચોંકાવ્યા હતા. હિંમતનગર, મહીસાગર, પંચમહાલ જેવા જિલ્લામાં લોકોને આ રહસ્યમયી ચીજ આકાશમાં દેખાઈ હતી. તેનો આકાર કોઈ લાંબી ટ્યુબલાઈટ જેવો કે લાકડી જેવો હતો. જેથી તે સ્પેસ ટ્રેન હોવાની પણ ચર્ચા છે.

હિંમતનગર અને પ્રાંતિજના આસપાસના ગામોમાં મોડી સાંજે આકાશમાં અદ્રશ્ય વસ્તુ દેખાતા લોકોમા કુતુહલ ફેલાયુ હતું. સાંજના સાત વાગ્યાની આસપાસ આકાશમાં અદ્ર્શ્ય રેલગાડી જેવુ દેખાતા લોકોમાં કુતુહલ સર્જાયું હતું. પ્રાંતિજના બાલીસણા તથા હિંમતનગરના રાયગઢ, હાંસલપુર ખાતે રહેતા લોકો આકાશમાં આ રહસ્યમયી આકાર જોઈને ચોંક્યા હતા. લોકો પોતાના ઘરથી બહાર નીકળી ગયા હતા, તો અનેક લોકોએ પોતાના મોબાઈલમા તેના વીડિયો અને ફોટો લીધા હતા. આ વીડીયો સોશિયલ મીડિયામા વાયરલ થયા છે. ત્યારે પ્રાંતિજ અને હિંમતનગરમાં અદ્રશ્ય વસ્તુને લઈને લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# સોનામા આગઝરતી તેજી : બે દિવસમાં રૂા.૧૨૦૦ વધ્યા : ૧૦ ગ્રામનાં રૂા.૬૦,૬૦૦

મુંબઈ તા., ૩

કેન્દ્રીય બજેટ બાદ સોનામાં શરૂ થયેલ આગઝરતી તેજીનો દોર આજે પણ યથાવત રહયો છે. આજે સોનામાં વધુ ૬૦૦ રૂપીયાનો ઉછાળો થતા ભાવ ૬૦,૬૦૦ રૂપીયાની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે. બુલીયન માર્કેટમાં ડોલરમાં તેજીના પગલે આજે સોનામાં વધુ ૬૦૦ રૂપીયાનો ઉછાળો થતા સોનાના ભાવ ૬૦,૬૦૦ રૂપીયાની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે. ગઈકાલે સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)ના ભાવ ૬૦,૦૦૦ રૂપીયા હતા જે આજે વધીને ૬૦,૬૦૦ રૂપીયા થયા હતા. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)ના ભાવ ૬,૦૦,૦૦૦ રૂપીયા હતા તે વધીને ૬,૦૬,૦૦૦ની સપાટીએ પહોંચ્યા હતા. કેન્દ્રીય બજેટ બાદ સોનામાં ૬૦૦ રૂપીયાનો ઉછાળો થયા બાદ વધુ ૬૦૦ રૂપીયાનો ઉછાળો થતા બે દિવસમાં સોનામાં ૧૨૦૦ રૂપીયા વધી ગયા છે.

# અમૂલ દૂધનાં ભાવમાં રૂા.૩નો કમ્મરતોડ ભાવ વધારો

આણંદ તા. ૩

પ્રજા ઉપર મોંઘવારીનો વધુ એક માર ઝીંકાયો છે. અમૂલ દ્વારા દૂધના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા જાહેરાત કરવામાં આવી કે, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૩નો વધારો કર્યો છે. જોકે, આ ભાવવધારો ગુજરાત સિવાયના રાજ્યોમાં લાગુ પડશે.

આ ભાવ વધારો ગુજરાતમાં લાગુ નહિ થાય.

અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટરે ૩ રુપિયાનો વધારો કર્યો છે. અમૂલ તાજાનો લીટરનો ભાવ વધીને ૫૪ રૂપિયાએ પહોચ્યો છે. તો અમૂલ ગોલ્ડનો લીટરનો ભાવ વધીને ૬૬ રૂપિયાએ પહોંચ્યો છે. આમ, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ભાવમાં પ્રતિ લિટર રૂ. ૩નો વધારો કર્યો છે.

આમ નાગરિકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગે તેવા સમાચાર આજે સવારે અમૂલે આપ્યા હતા. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડે શુક્રવારે માહિતી આપી કે, દરેક પ્રકારના પાઉચવાળા દૂધની કિંમતમાં ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દૂધના નવા ભાવ આજે ૩ ફેબ્રુઆરીથી લાગુ થશે.

# વિશ્વમાંથી કોવિડનો કયારેય અંત નહી આવે વૈશ્વિક આરોગ્ય કટોકટી યથાવત રહેશે : WHO

નવી દિલ્હી,તા. ૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મહાનિર્દેશક ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું છે કે છેલ્લા ૮ સપ્તાહમાં કોવિડ-૧૯ને કારણે ૧.૭૦ લાખ લોકોના મોત થયા છે. આ એવા આંકડા છે જેના રિપોર્ટ સામે આવ્યા છે. આપણે જાણીએ છીએ કે વાસ્તવિક સંખ્યા તેના કરતા ઘણી વધારે હશે.

WHOના ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન ઈમરજન્સી કમિટીએ કહ્યું કે આ કોવિડ-૧૯ કોરોનાવાયરસને મનુષ્યો અને પ્રાણીઓમાંથી ખતમ કરવું લગભગ અશકય છે. શકય છે કે આપણે તેના ભયંકર પરિણામોને ઘટાડી શકીએ. લોકોના મૃત્યુને ઘટાડી શકે છે. તેનાથી લોકોને ચેપ લાગતા બચાવી શકાય છે. પરંતુ આ રોગચાળો વૈશ્વિક આરોગ્ય કટોકટી રહેશે.

સમિતિએ અવલોકન કર્યું છે કે વિશ્વભરની આરોગ્ય પ્રણાલીઓ કોવિડ-૧૯ સાથે સંઘર્ષ કરી રહી છે. જેના કારણે અન્ય મોટી બીમારીઓ ઉપર પણ ધ્યાન આપવું મુશ્કેલ બની રહ્યું છે. કારણ કે કોવિડને હજુ પણ મુખ્ય રીતે લેવામાં આવી રહ્યો છે. કોવિડ-૧૯ મહામારીના કારણે સમગ્ર વિશ્વની આરોગ્ય વ્યવસ્થા કથળી ગઈ છે. તબીબી કર્મચારીઓ એટલે કે તબીબી કર્મચારીઓની અછત અનુભવાઈ રહી છે.

# આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે

અમદાવાદ તા. ૩

ગુજરાત માટે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ઠંડીમાં આંશિક રાહત મળશે. ફરી એકવાર આગામી પાંચ દિવસને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નહીં થાય, જેના કારણે આગામી સમયમાં ઠંડીનું જોર ઘટશે અને તાપમાનમાં વધારો નોંધાશે. જેના કારણે ગરમીનો અહેસાસ થશે. પવનની ગતી ધીમી પડતા ઠંડી ઘટશે. હાલ વધુ એક વેસ્ટર્ન ડિસ્ટબન્સને કારણે તાપમાનમાં વધારો નોંધાશે. હાલ નલિયામાં ૧૪.૨ તાપમાન, અમદાવાદ ૧૩ અને ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

કાતિલ ઠંડી બાદ હવે કાળઝાળ ગરમીને લઈ અંબાલાલ પટેલે વધુ એક મોટી આગાહી કરી છે. ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. એટલું જ નહીં, આ વખતે મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી આસપાસ પહોંચશે. ફેબ્રુઆરીના અંતમાં હવામાનમાં પલટો આવશે.

# સાંઈબાબાને રૂા.૧૨ લાખનું સોનાનું કમળ અર્પણ કરાયું

મુંબઈ,તા.૩ઃ

મહારાષ્ટ્રના વિશ્વ પ્રસિધ્ધ શિરડી સાંઈ મંદિરમાં ભકતોએ સોનાના આભૂષણો ભેટ આપવાનું શરૂ કરી દીધું છે. નવા વર્ષના આગમન પછીના પ્રથમ દિવસથી જ સાંઈ બાબાના ભકતો તેમને સોના-ચાંદીના આભૂષણો અર્પણ કરી રહ્યા છે.

આજે એક સાંઈભકત દ્વારા રૂા.૧૨ લાખની કિંમતનું સોનાનું કમળ અર્પણ કરવામાં આવ્યું છે.

# અદાણી જૂથમાં રોકાણથી એલઆઈસીને રૂા.૩૦ હજાર કરોડનું નુકશાન

નવી દિલ્હી,તા. ૩ઃ ભારતીય જીવન વીમા નિગમ દ્વારા અદાણી ગ્રુપમાં રોકાણથી LICનો નફો સતત ઘટી રહ્યો છે. તેનું કારણ અદાણી ગ્રુપના શેરમાં થયેલો ઘટાડો છે. અદાણીના ૭ શેરોમાં LICનું રોકાણ છે. પરંતુ LICએ મુખ્યત્વે અદાણી ગ્રુપના ૪ શેરોમાં રોકાણ કર્યું છે. આ રોકાણ ૨૪૦૦૦ કરોડ રૂપિયા છે. આ શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી ટોટલ ગેસ, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી ટ્રાન્સમિશન છે. ડિસેમ્બર ૨૦૨૨ પછી એલઆઈસીએ અદાણીના આ ચાર શેરમાં તેનો હિસ્સો ઓછો કર્યો નથી તે ધ્યાનમાં લેતા, આ રોકાણનું મૂલ્ય વર્તમાન બજાર ભાવના આધારે રૂા.૨૭૦૦૦ કરોડ છે.

ઈન્સ્યોરન્સ સેકટરની દિગ્ગજ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો ઈન્વેસ્ટમેન્ટ નફો ઝડપથી ઘટી રહ્યો છે કારણ કે અદાણી ગ્રુપના શેરો દરરોજ નીચે આવી રહ્યા છે. આનાથી LICને મળતા લાભો ઉપર અસર પડી રહી છે.



કિશોરભાઈ વસંત
મો. ૯૮૨૪૨ ૬૨૦૨૦
ફોન : ૨૬૬૧૬૧૧
ગાયત્રી સેલ્સ
પી.વી.સી. પાઈપ ફિટીંગ, જી.આઈ. ફિટીંગ, સી.પી. ફિટીંગ, ગાર્ડન પાઈપ, ગ્રીન સેકશનનાં હોલસેલ તથા રીટેઈલ વેપારી
રાજકોટ હાઈવે, બસ સ્ટેન્ડ પાસે, સાબલપુર, જી. જૂનાગઢ (ગુજરાત)

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ (AIILSG)
• ૧૯૨૬ થી કાર્યરત • ભારતભરમાં ૫૦ જેટલા કેન્દ્રો • સરકાર માન્ય કોર્સ
ડિપ્લોમા કોર્સ
સેનેટરી ઈન્સ્પેક્ટર
S.I., MPHW અને અન્ય સરકારી નોકરીની ઉત્તમ તકો...
કોઠારીયા નાકા ચોક, રાજકોટ | 77779 49723
શ્રી કિશોરસિંહજી શાળા નંબર ૧ પાછળ,

લકઝરીયસ બંગ્લો વેચવાનો છે
દોમડીયાવાડીની બાજુમાં, કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ, પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ, ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ ક્લીઅર. ભૂલશો તો ચૂકશો
સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

આયુષ્માન ભારત કાર્ડ હેઠળ ઓર્થોપેડીકને લગતા તમામ ઓપરેશન તદ્દન નિઃશૂલ્ક
વાહન અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાક માટે નિયત મફત સારવાર
હાડકાની તમામ તકલીફોનું સચોટ નિદાન અને સારવાર
ડો. પ્રતિક ટાંક
(ઓર્થોપેડીક એન્ડ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન)
● ફ્રેકચરની સારવાર
● કરોડ રજ્જુનાં દુઃખાવાની સારવાર
● જોઈન્ટ રિપ્લેસમેન્ટ
● સાંધાના દુઃખાવાની સારવાર

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ – જૂનાગઢ
વધુ માહિતી માટે સંપર્ક : ડો. પ્રતિક ટાંક - ૯૩૨૭૬ ૭૨૨૩૯

॥ જય શ્રી વલ્લભ ॥

મેસર્સ નવીનચંદ્ર એન્ડ કાં.
ફૂટવેરનાં હોલસેલ વેપારી
હવેલી લાઈન, જૂનાગઢ
ફોન : ૨૬૫૧૩૬૭, મો. ૯૮૨૫૨ ૨૦૧૧૦

### ૪ ફેબ્રુઆરી ''વિશ્વ કેન્સર દિવસ'' આ વર્ષની થીમ "ક્લોઝ ધ કેર ગેપ"

# કેન્સર એટલે કેન્સલ નહિં વહેલું નિદાન-સમયસરની સારવાર સ્ક્રીનીંગ ગુણવત્તાયુક્ત સંભાળ એ જ શ્રેષ્ઠ ઉપાય : કેન્સર શરીરમાંથી દૂર કરી શકાય છે

## ગત વર્ષે સૌરાષ્ટ્રના ૫૦૦૦ જેટલા દર્દીઓને અપાઈ








કેન્સર શબ્દ કોઈ પણ વ્યક્તિ માટે ભયાવહ છે. સમગ્ર વિશ્વમાં થતા કુલ મુત્યુઆંકમાં કેન્સરથી થતા મૃત્યુનું પ્રમાણ ખૂબ મોટું છે. આ સંદર્ભમાં દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં ''વિશ્વ કેન્સર દિવસ'' ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય કેન્સર અંગે જાગૃતિને પ્રોત્સાહન આપવાનો અને ગુણવત્તાયુક્ત સંભાળ, સ્ક્રીનીંગ, વહેલી તપાસ, સારવાર વગેરે બાબતે આમ જનતામાં જાણકારી ફેલાવવાનો છે. આ વર્ષની વિશ્વ કેન્સર દિવસની થીમ છે-"ક્લોઝ ધ કેર ગેપ", જે કેન્સરની સંભાળમાં જોવા મળતી અસમાનતાઓને સમજી તેને દૂર કરવા માટે જરૂરી પગલાં લેવા વિશે છે. Who દ્વારા આ જાન્યુઆરી માસને સર્વાઈકલ કેન્સરની જાગૃતિના માસ તરીકે ઉજવવામાં આવ્યો છે. માનવ જાતિ ૧૦૦ થી વધુ વિવિધ પ્રકારના કેન્સરથી પીડિત છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ(ICMR)ના અહેવાલ અનુસાર વર્ષ-૨૦૨૦માં ભારતમાં કેન્સરના કેસોની અંદાજિત સંખ્યા ૧૩ લાખ ૯૨ હજારની, ૨૦૨૧મા ૧૪ લાખ ૨૬ હજારની જયારે ૨૦૨૨માં ૧૪ લાખ ૬૧ હજારથી વધુની હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં દર નવમાંથી એક વ્યક્તિને કેન્સર થઇ શકે છે. પુરૂષોને ફેફસાંનું અને સ્ત્રીઓને સ્તન કેન્સર થવાની શકયતાઓ વધુ હોય છે. જયારે ૦-૧૪ વર્ષના બાળકોમાં લિમ્ફોઈડ લ્યુકેમિયાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળેલ છે. ૨૦૨૦ની સરખામણીમાં ૨૦૨૫માં કેન્સરના કેસોમાં ૧૨.૮ ટકાનો વધારો થવાનો અંદાજ છે. ૨૦૨૦માં ભારતમાં કેન્સરને કારણે અંદાજિત મૃત્યુદર ૭,૭૦,૨૩૦ હતો અને તે ૨૦૨૧માં વધીને ૭,૮૯,૨૦૨ અને ૨૦૨૨માં ૮,૦૮,૫૫૮ થયો હતો. આ સ્થિતિ જોતાં કેન્સરમાં વહેલું નિદાન એ જ શ્રેષ્ઠ ઉપાય છે. સૌરાષ્ટ્રમાં કેન્સર રોગના ઉપચાર માટે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ અને રાજકોટ કેન્સર હોસ્પિટલમાં કાર્યરત છે, જયાં વર્ષ ૨૦૨૨માં ૫૦૦૦ જેટલા દર્દીઓએ કેન્સરની સારવાર મેળવી હતી. પુરૂષોમાં મોઢા, ફેફસા અને અન્નનળીના કેન્સરના અને સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરના કેસોનું વધુ પ્રમાણ જોવા મળ્યું છે. રાજકોટ કેન્સર હોસ્પિટલના ડો.ગુપ્તા જણાવે છે કે મોઢાના કેન્સરના ૮૫% દર્દીઓ કોઈને કોઈ રીતે તમાકુનું સેવન કરતા હતા. સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયૂટના ડો. મીના શાહ તથા ડો. સમીપ પાનસોરા જણાવે છે કે, કેન્સરના દર્દીઓમાં પૈકીના મોટા ભાગના દર્દીઓ બીજા કે ત્રીજા સ્ટેજ દરમ્યાન સારવાર માટે પહોંચે છે, ત્યારે સારવાર દ્વારા રીકવરીની શકયતા ખૂબ ઘટી જાય છે. દર્દીઓ જો તેમના શરીરની જાત તપાસ કરતા રહે અને જરા પણ શંકા જેવું લાગે તો તરત જ કેન્સર અંગેની તપાસ કરાવી વહેલી તકે નિદાન મેળવે તો કેન્સરને પ્રારંભિક તબક્કામાં જ અટકાવી શકાય છે. કેન્સરથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય કેન્સરની વહેલી તપાસ કરાવવી એ જ છે. જેના દ્વારા કેન્સરને વહેલી તકે ઓળખી કેન્સરના જીવલેણ કોષોને શરીરના અન્ય ભાગોમાં ફેલાતા અટકાવી શકાય છે. કેન્સરના પ્રારંભિક લક્ષણો જો દેખાય તો તુરત જ ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ જેમ મોઢામાં જોવા મળતા કોઈ પણ પ્રકારના ચાંદા અને મોઢું સરખું ન ખુલવાના કિસ્સામાં કેન્સરની શકયતાનો વિચાર કરી તાત્કાલિક કેન્સર અંગેના પરીક્ષણો કરાવવા જોઈએ. જયારે મહિલાઓએ નિયત સમયાંતરે હથેળી દ્વારા સ્તનની જાત તપાસ કરી કોઈ પણ પ્રકારની ગાંઠ જણાય તો તત્કાલ ડોક્ટરનો સંપર્ક કરી નિદાન કરાવી લેવું જોઈએ. ૩૦ વર્ષ બાદ પ્રત્યેક મહિલાઓએ વર્ષે એકવાર મેમોગ્રાફી દ્વારા તપાસ કરાવવી જ જોઈએ. ડોક્ટર ગુપ્તા જણાવે છે કે, રાજકોટ કેન્સર હોસ્પિટલમાં જ કુંડારીયા કેન્સર પ્રીવેન્શન ફાઉન્ડેશન દ્વારા ગર્ભાશયના મુખના કેન્સરની પ્રતિરોધક રસી પણ આપવામાં આવે છે. હાલ સુધીમાં ૩૦૦૦ જેટલી કિશોરીઓને આ રસી આપવામાં આવી છે. ગર્ભાશયના મુખનું કેન્સર એટલે કે સર્વાઈકલ કેન્સર અટકાવવા માટે નવ વર્ષથી લઈ ૨૬ વર્ષ સુધીની વય જૂથની મહિલાઓને વેક્સિન આપી શકાય છે. જેમાં ૯ થી ૧૪ વર્ષ સુધીની કિશોરીઓને વેક્સિનના બે ડોઝ તેમજ ૧૫ થી ૨૬ વર્ષની કિશોરીઓ/યુવતીઓને વેકસીનના ત્રણ ડોઝ આપવામાં આવે છે. આ વેક્સિનથી સર્વાઈકલ કેન્સર થવાની શક્યતા ૯૯ પ્રતિશત ઘટી જાય છે. કેન્સર જાહેર થવાની બીકને લીધે જ ઘણા લોકો કેન્સર સ્ક્રીનીંગ કરાવવામાં અચકાતા હોય છે. લોકો પોતાની બીમારીને સ્વીકારવા કરતાં અજાણ્યા રહેવાનું વધુ પસંદ કરે છે. પરંતુ આ અજ્ઞાનથી રોગ દૂર થવાને બદલે વકરે છે. સમસ્યાનો ઉકેલ લાવવાનો એક માત્ર રસ્તો એ છે કે શરીરમાંથી રોગને દૂર કરવાના પ્રયાસો કરવા. રાજકોટ ખાતે કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે વેકરીયા ફાઉન્ડેશન, ગ્રીવા ફાઉન્ડેશન, કુંડારીયા ફાઉન્ડેશન જેવા અનેક સેવાકીય સંસ્થાઓ સતત પ્રયત્નશીલ રહી કેન્સર સામે લોકજાગૃતિ કેળવવાના કાર્યક્રમો યોજે૦ છે. ગ્રીવા ફાઉન્ડેશન દ્વારા ''વિશ્વ કેન્સર દિવસ'' નિમિત્તે રૈયા રોડ સ્થિત સી.એ.ભવન ખાતે કેન્સર અંગે જાગૃતિલક્ષી કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. આ ઉપરાંત વેકરીયા ફાઉન્ડેશન દ્વારા પણ બ્રેસ્ટ કેન્સર માટે સ્ત્રીઓને સમજ આપી મેમોગ્રાફીની સહાય પણ કરવામાં આવે છે. કેન્સરનું સર્ઝન કરતી કોઇ પણ સ્થિતિનો સ્વીકાર કરી તેનું નિવારણ કરવાથી શરૂઆતના તબક્કામાં જ કેન્સર શરીરમાંથી દૂર કરી શકાય છે. રાજકોટ ખાતે કોઈ પણ વ્યક્તિ કેન્સરનું પ્રારંભિક નિદાન યુનિવર્સિટી રોડ, બી.ટી.સવાણી હોસ્પિટલ પાસે, સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને નિર્મલા કોન્વેન્ટ રોડ સ્થિત રાજકોટ કેન્સર હોસ્પિટલ ખાતે કરાવી શકશે.

**અહેવાલ : દિવ્યા ત્રિવેદી**

## આગામી તા. ૬ ફેબ્રુઆરીએ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કુલનો પ્રવેશ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત ઉંચાઈના આધારે અન્ડર-૧૪ વય જૂથના ખેલાડી ભાઈઓ અને બહેનો માટે જિલ્લા કક્ષાએ હાઈટ હન્ટ કાર્યક્રમ યોજાશે. જેમાં જોડાવા માગતા અન્ડર -૧૪ વય જુથના ખેલાડી એટલે જેઓ તા.૦૧/૦૧/ ૨૦૧૦ પછી જન્મેલા હોય તેવા ભાઈ અને બહેનોએ ૬ ફેબ્રુઆરીએ સવારે ૦૮ વાગ્યે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, લોટસ એવન્યુ સામે, વિમલ નગર મેઈન રોડ, કાલાવડ રોડ ખાતે કન્વીનર પ્રકાશભાઈ પાણખાણીયાના મો.નં:૯૮૨૪૨૪૩૨૦૯ પર સંપર્ક કરવો તેમજ જય સરદાર સ્કુલ નેશનલ હાઈવે, ગુરૂકુળ પાસે ગોંડલ ખાતે કન્વીનર હરેશભાઈ સોલંકીના મો.નં: ૭૦૧૬૪ ૪૮૯૪૩, ૭૪૦૫૨ ૫૮૫૧૩ પર સંપર્ક કરવાનો રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જરૂરી માપદંડો મુજબ ૧૧ વર્ષની વયના ભાઈઓ માટે ૧૬૦ સેમીથી વધુ અને બહેનો માટે ૧૫૫ સેમીથી વધુ હાઈટ, ૧૨ વર્ષની વયના ભાઈઓ માટે ૧૬૮ સેમીથી વધુ અને બહેનો માટે ૧૬૩ સેમીથી વધુ હાઈટ, ૧૩ વર્ષની વયના ભાઈઓ માટે ૧૭૩ સેમીથી વધુ અને બહેનો માટે ૧૬૬ સેમીથી વધુ હાઈટ, ૧૪ વર્ષની વયના ભાઈઓ માટે ૧૭૯ સેમીથી વધુ અને બહેનો માટે ૧૭૧ સેમીથી વધુ હાઈટ હોવી જરૂરી છે. તેમ રાજકોટ ખાતેના જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના જિલ્લા રમત ગમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## અમૃત સરોવરોના નિર્માણ કાર્યોની સમીક્ષા કરી સરોવરોના નવીનીકરણ અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓને કલેકટર અરૂણ મહેશ બાબુએ માર્ગદર્શન આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

કેન્દ્ર સરકારના નેશનલ વોટર કન્ઝર્વેશન મિશન વિભાગના "જલ શકિત અભિયાન-કેચ ધ રેઈન'' કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં અમૃત સરોવરોના નિર્માણ કાર્યો અંગે સમીક્ષા બેઠક કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ તમામ અમૃત સરોવરોની સ્થિતિનો તાગ મેળવી અમૃત સરોવરોના ખોદકામ, વનીકરણ, સમારકામ, નવીનીકરણ તથા બ્યુટીફિકેશન અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું, તેમજ રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો પૈકી ૨૫ અમૃત સરોવરો તૈયાર થઇ ચૂકયા છે, જયારે ૫૦ જેટલા સરોવરોની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કાર્ય વિવિધ સરકારી વિભાગો દ્વારા લોકભાગીદારીથી કરવામાં આવે છે. ત્યારે અમૃત સરોવરોની બાકી કામગીરી સમયસર પૂર્ણ કરવા કલેકટરએ સંબંધિત વિભાગોને તાકીદ કરી તમામ ૭૫ અમૃત સરોવરોના ફોટોગ્રાફ્સ રજૂ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર. એસ. ઠુમ્મર, પ્રાંત અધિકારી સંદીપ વર્મા, મદદનીશ ઈજનેર સન્ની રામાણી સહિતના જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ, રાજકોટ મનપાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રી શારદાપીઠ દ્વારકા ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાનો કેમ્પ યોજાયો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

શ્રી શારદાપીઠ કોલેજ દ્વારકાનો એન.એસ.એસ. યુનિટ ૧ અને યુનિટ ૨નો રાષ્ટ્રીય સેવા યોજનાનો કેમ્પનું ભવ્ય ઉદ્ઘાટન વરવાળા ગામમાં થયેલું હતું. તેમાં કાર્યક્રમના અધ્યક્ષ ડો. કુલદીપભાઈ પુરોહિત તેમજ સરપંચ, ઉપસરપંચ તેમજ દ્વારકા એસબીઆઈ બેંક અને બીઓબીના મેનેજર દ્વારકા અશ્વિનભાઈ ગોકાણી, હિંડોચા વગેરેની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમનો સંચાલન વિપુલાબેન વાઘેલાએ કરેલ હતું અને તમામનું સ્વાગત પ્રવચન કોલેજના પ્રિન્સિપાલ ડો. સંદીપ એ. વાઢેરે કર્યું હતું. તેમજ પ્રોગ્રામ ઓફિસર જે.પી.ટાકોદરા અને હર્ષાબેન વાળાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી અને આભાર દર્શન ડો. વિનુભાઈ વાજાએ કરેલ હતું.

## યજ્ઞોપવિતની બટુક યાત્રામાં રાષ્ટ્રભક્તિના દર્શન



### આનશાન બાન સમો તિરંગાનો ખેસ પહેરી રાષ્ટ્રીય પર્વ ઉજવ્યું

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩

વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ બિરાજમાન છે તેવી ભૂમિમાં એક યજ્ઞોપવિત્‌ની બટુકયાત્રામાં તિરંગાની આનબાનશાનના દર્શન થયા હતા. સોમનાથના દિનેશભાઈ વૈદ્યના પૌત્ર ક્રિશગ જાગૃત વૈદ્યની યજ્ઞોપવિત્‌ અવસર સોમનાથ ખાતે તાજેતરમાં યોજાયો હતો. આ અવસર જે દિવસે હતો તે દિવસે યોગાનુયોગ આપણો પ્રજાસતાક દિવસ હતો. તેથી સૌ દેશભક્તિના રંગે રંગાયેલા તે સમયે આ યજ્ઞોપવિતની બટુકયાત્રામાં ક્રિશગએ તિરંગા સાથે ખેસ પહેરી આ રાષ્ટ્રીય મહાપર્વની ઉજવણી કરી હતી અને આ બટુકયાત્રામાં ખાસ દેશભક્તિના ગીતોના સૂર રેલાયા હતા અને સૌએ માન સાથે ઝૂમ્યા હતા.

## ટંકારીયાના આધેડ પાસેથી તોતિંગ વ્યાજ વસૂલ કર્યા પછી પણ ધમકી આપવા સબબ પિતા-પુત્ર સહિત ત્રણ સામે ફરિયાદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

કલ્યાણપુર તાલુકાના ટંકારીયા ગામે રહેતા એક આધેડ દ્વારા કાઠી દેવળીયાના એક આસામી પાસેથી ટુકડે ટુકડે રૂપિયા ૩૦ લાખ વ્યાજે લીધા પછી કુલ રૂપિયા ૯૮.૫૦ લાખ ચૂકવ્યા પછી પણ વધુ રૂપિયા ૨.૪૦ કરોડની માંગણી કરી, મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવાઈ છે. કલ્યાણપુર તાલુકાના ટંકારીયા ગામે રહેતા ભાયાભાઈ માંડણભાઈ ગોજીયા (ઉ.વ.૬૨) દ્વારા ખંભાળિયા તાલુકાના કાઠી દેવળીયા ગામના મૂળ રહેવાસી ભીખુભા હરિસિંહ વાઢેર તથા તેમના પુત્ર ધવલસિંહ અને કલ્યાણપુર તાલુકાના દેવળીયા ગામે રહેતા સવાભાઈ વીરાભાઈ આંબલીયા સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ ફરિયાદી ભાયાભાઈ ગોજીયાએ વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૨ સુધીના સમયગાળા દરમ્યાન ભીખુભા હરિસિંહ વાઢેર પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩૦ લાખ વ્યાજે લીધા હતા. જેનું ત્રણ ટકા વ્યાજ નક્કી કરવામાં આવ્યું હતું. ફરિયાદમાં જણાવ્યા મુજબ મુદલ તથા વ્યાજનું વ્યાજ મળી, કુલ રૂા.૯૮,૫૦,૦૦૦ તેમણે ચૂકવી દીધા પછી પણ ભીખુભા, તેમના પુત્ર ધવલસિંહ તથા સવાભાઈ દ્વારા વધુ રૂપિયા ૨.૪૦ કરોડની રકમ ચડાવી દઈ, તેમની પાસેથી ચેકો પડાવી લઈ અને ફરિયાદી તથા તેમના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું વધુમાં જાહેર થયું છે. આ અંગે પોલીસે આઈપીસી કલમ ૩૮૬, ૫૦૬ (૨), ૧૨૦ (બી) વિગેરે મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કલ્યાણપુરમાં વીજ ચેકિંગ કરવા ગયેલા અધિકારીઓની ફરજમાં રૂકાવટ

કલ્યાણપુર તાલુકાના રાણ ગામે રહેતા ચાર શખ્સો દ્વારા વીજ ચેકિંગમાં આવેલા અધિકારીઓ, કર્મચારીઓની ફરજમાં રૂકાવટ કરી, મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ અંગે જામનગરમાં રહેતા અને વીજ કંપનીમાં ફરજ બજાવતા કિશોરભાઈ દેવશીભાઈ કોચરા(ઉ.વ. ૩૮) દ્વારા પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ ગઈકાલે ગુરુવારે ફરિયાદી કિશોરભાઈ તથા અન્ય કર્મચારીઓ વીજ ચેકિંગ અંગેની કામગીરી માટે ગયા હતા, ત્યારે રાણ ગામના ભાવેશ ઉર્ફે ભીમાભાઈ રણમલભાઈ હડિયલ, નિકુંજ હડિયલ, યોગેશ હડિયલ અને મોહન લીરાભાઈ ડાભી નામના ચાર શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, ફરિયાદી કિશોરભાઈનો કાંઠલો પકડી, લાતો વડે માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરજમાં રૂકાવટ કરી હતી. આ સમગ્ર મામલે કલ્યાણપુર પોલીસ મથકમાં ચારેય શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જેની તપાસ પી.એસ.આઈ. કે.એમ. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

### ખંભાળિયા નજીક યંત્ર આધારિત ચાલતા જુગારધામ ઉપર પોલીસ ત્રાટકી

ખંભાળિયા - ભાણવડ ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૧૭ કિલોમીટર દુર ભાણ ખોખરી ગામના પાટીયા પાસે આવેલી એક દુકાનમાં સ્થાનિક પોલીસે જુગાર અંગેની કાર્યવાહી કરી, આ દુકાનમાં એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર આંક ફેરનો નસીબ આધારિત જુગાર રમતો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આ સ્થળે યંત્રોના ચિત્ર ઉપર જુગારીઓને રૂપિયા ૧૧ મુકાવી, દર ચાર મિનિટે ડ્રો કરીને વિજેતા થતા આસામીને ૧૧ ના બદલામાં રૂપિયા ૧૦૦ આપવામાં આવતા હોવાનું ખુલવા પામ્યું હતું. આ ઓન-લાઈન માર્કેટિંગ પ્રકારના જુગારના ઓપરેટર જુના તથિયા ગામના ઋત્વિકગીરી ઉર્ફે લાલો સુભાષગીરી ગોસ્વામી સાથે કેસુર હાજા કરમુર, અલ્પેશ ભીખુભાઈ સામાણી અને રીછા ગગા પિંડારિયા નામના કુલ ચાર શખ્સોને આ સ્થળેથી ઝડપી લેવામાં આવ્યા હતા. આ દરોડામાં ઉપરોક્ત શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૩૪,૪૧૦ રોકડા તથા રૂપિયા ૩૯,૧૦૦નું એલ.ઈ.ડી. ટીવી, સિલ્વર કોઈન, મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂપિયા ૭૫૫૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અંગેની વધુ પૂછપરછમાં ઉપરોક્ત સ્થળે દુકાન ભાડે રાખનાર ઈમ્તિયાઝ બાપુ નુરમામદ તેમજ હોનેસ્ટ ઓનલાઈન માર્કેટિંગના હરીશકુમાર જગદીશ પ્રસાદ જાગીર (રહે. માધાપર- તા. કચ્છ) પણ સંડોવાયેલા હોવાનું ખુલવા પામ્યું હતું.

## સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે નિઃશુલ્ક તાલીમ કોર્ષનો ભૂતવડ ખાતે પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ધોરાજી તાલુકાના ભૂતવડ ગામે શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય બી.એડ.કોલેજ ખાતે નિઃશુલ્ક તાલીમ કોર્ષનો પ્રારંભ ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ કરાવ્યો હતો. રાજકોટ જિલ્લા ગ્રામ્ય પોલીસ દ્વારા અનુસુચિત જનજાતિના સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો માટે ૩૦ દિવસીય નિઃશુલ્ક તાલીમ કોર્ષનું આયોજન ભૂતવડ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં તાલીમાર્થીઓને રહેવા તથા જમવાની સગવડો રાજયસરકાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આ તાલીમ દરમ્યાન ખાસ કોર્ષની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે શૈક્ષણિક તથા શારીરિક તૈયારીઓ કરાવવામાં આવી રહી છે. આ તાલીમમાં ૫૩ જેટલા નોકરીવાંચ્છુ ઉમેદવારો જોડાયા છે. રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ નેતૃત્વમાં નાયબ પોલીસ અધિક્ષક હિંગોળદાન રત્નુ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપી રહયા છે.

## ૨૮માં ગુજરાત સમાજશાસ્ત્ર અધિવેશનમાં પીએચડી થવા બદલ ડો. સચિન પીઠડીયાનું સન્માન કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

ભેસાણ તા.૩

સરકારી વિનયન કોલેજ, ભેંસાણના આ.સી. પ્રો. ડો. સચિન જે. પીઠડીયાએ "જૂનાગઢ જીલ્લાની મચ્છુ કઠિયા સઈ-સુતાર જ્ઞાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ" વિષય ઉપર શારદાગ્રામ કોલેજ, માંગરોળના પ્રિન્સિપાલ ડોક્ટર એચ.ડી. ઝનકાટના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચડી પૂર્ણ કરતા તારીખ ૩૦-૧-૨૦૨૩નાં રોજ વ્યારા મુકામે આર.પી. ચૌહાણ આર્ટસ અને કે.ડી. શાહ. કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ ગુજરાત સમાજશાસ્ત્રના ૨૮માં અધિવેશનમાં ડો. સચિન પિઠડિયાને સન્માન પત્ર અને સિલ્ડ આપીને પ્રો.ડો. રાજેન્દ્ર જાની, પ્રો.ડો. ગૌરાંગ જાનીએ સન્માન કર્યું હતું. આ તકે શારદાગ્રામ કોલેજ માંગરોળ, સરકારી વિનયન કોલેજ ભેંસાણ, સમગ્ર માંગરોળ અને સમગ્ર શિક્ષણ જગતમાંથી અભિનંદન સાથે શુભકામના પાઠવી હતી.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જર્મનની ટેક્નોલોજીના ક્રૃમર મશીન થકી દિવાલ ઉપર ખંજવાળવવાથી પશુઓને મળી મુક્તિ

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પશુ ઉછેર કેન્દ્રમાં ગાયો-ભેંસો માટે ખંજવાળના મશીન : પશુ મશીનની નજીક જાય એટલે ઓટોમેટીક શરૂ થઈ જાય



જૂનાગઢ, તા.૩

પશુને કુદરતી રીતે આવતી ખજવાળ ઘણી વખત પશુ માટે ઈજામાં પરિણામતી હોય છે. ઘણી વખત શીંગડા ફસાઈ જવાના બનાવ બને છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હેઠળના પશુ ઉછેર કેન્દ્રમાં પશુઓને આ મુશ્કેલીમાંથી મુક્ત કરવા ખંજવાળમાં સહાયરૂપ થતા મશીન મુક્યાં છે. ટેક્નોલોજીના લીધે હવે જૂનાગઢ પશુ ઉછેર કેન્દ્રમાં ગાય, ભેંસને દિવાલ ઉપર ઘસવું નહીં પડે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી પશુ ઉછેર કેન્દ્રના વૈજ્ઞાનિક ડો.સાવલિયાએ જણાવ્યું હતું કે, ગીર ગાયો અને જાફરાબાદી ભેંસોને ખંજવાળ આવતી હોય જેના કારણે તે દિવાલમાં ઘસાતી હોય આથી તેમના શરીર ઉપર ઈજા થવાની શક્યાતા રહેતી હોય છે. આ સંજોગોમાં ક્યારેક પશુઓને ઈન્ફેકશનના થવાના લીધે બિમાર પડે છે. ત્યારે જર્મનની ટેક્નોલોજીના ખંજવાળ માટેના ક્રૃમર મશીન મુક્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ મશીન જર્મનીથી મંગાવવામાં આવતા હોય છે. આ એક મશીનની કિંમત અંદાજે રૂા.૨ લાખ જેટલી છે. તેવા કુલ ૪ મશીન પશુ ઉછેર કેન્દ્રમાં મુક્યા છે. આ મશીન ઓટોમેટીક હોય છે કે, પશુ તેમની નજીક જાય એટલે મશીન શરૂ થઈ જાય છે. જેથી હવે ગાય, ભેંસ આ મશીનથી ટેવાય ગયા છે.

# જૂનાગઢ જીલ્લાની ૮૬ ગૌશાળા-પાંજરાપોળના પશુ નિભાવ ખર્ચ માટે રૂા. ૧.૮૩ કરોડની સહાય ચૂકવાશે

## મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ એક પશુને દૈનિકના નિભાવ ખર્ચ પેટે રૂા.૩૦ની સહાય



જૂનાગઢ, તા.૩

રાજ્ય સરકાર દ્વારા ગૌશાળા અને પાંજરાપોળમાં પશુના નિભાવ ખર્ચ માટે સહાય ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં એક પશુને એક દિવસના નિભાવ ખર્ચ પેટે રૂપિયા ૩૦ ચૂકવવામાં આવે છે. આમ, જૂનાગઢ જિલ્લામાં પબ્લિક એક્ટ હેઠળ નોંધાયેલી ૮૬ ગૌશાળા-પાંજરાપોળના પશુના નિભાવ ખર્ચ માટે છેલ્લા ત્રણ મહિનાના રૂા.૧.૮૩ કરોડથી વધુ રૂપિયા ચૂકવવાનો આદેશ કરી દેવામાં આવ્યો છે.

આ સંદર્ભે નાયબ પશુપાલન નિયામક ડો.દિલીપ પાનેરાએ જણાવ્યું હતું કે, ગૌશાળા અને પાંજરાપોળમાં ગાય, ભેંસ વર્ગના પશુઓના નિભાવ ખર્ચ માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ પશુઓને નિભાવ ખર્ચ પેટે દૈનિક રૂા.૩૦ ચૂકવવામાં આવે છે. જેમાં પબ્લિક એક્ટ નોંધાયેલી ગૌશાળા અને પાંજરાપોળને જ આ રકમ ચૂકવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૬ ગૌશાળા અને પાંજરાપોળ પબ્લિક એક્ટ હેઠળ નોંધાયેલી છે. આ પાંજરાપોળ અને ગૌશાળાના પશુને નિભાવ ખર્ચ પેટે રૂપિયા ૧,૮૩,૭૬,૦૮૦ જેવી રકમ ચૂકવી દેવા આદેશ કરવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લાની પબ્લિક એક્ટ હેઠળ નોંધાયેલી ૮૬ ગૌ-શાળા અને પાંજરાપોળમાં કુલ ૬૬૫૮ પશુ નોંધાયેલા છે અને આ પશુઓના નિભાવ ખર્ચ માટે પાંજરાપોળ અને ગૌશાળાને રૂપિયા ચૂકવી દેવામાં આવશે. તે ઉપરાંત જિલ્લાની ગૌશાળા અને પાંજરાપોળ જે પબ્લિક એક્ટ હેઠળ પાત્રતા ધરાવતી હોય તેમને પણ આગામી સમયમાં આવરી લેવામાં આવશે.

# કેશોદમાં તા. ૬ઠ્ઠી અને જૂનાગઢમાં ૭મી ફેબ્રુઆરીએ હાઈટ હન્ટનું આયોજન

જૂનાગઢ તા.૩

જૂનાગઢ અને કેશોદમાં અન્ડર -૧૪ વયજૂથના ભાઈઓ-બહેનો માટે વોલીબોલ અને બાસ્કેટબોલની રમત માટે હાઈટ હન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત હાઈટના આધારે અંડર-૧૪ વયજૂથના ખેલાડી એટલે કે, તા.૧-૧-૨૦૧૦ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે વોલીબોલ અને બાસ્કેટબોલ રમતમાં પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૬-૨-૨૦૨૩ના રોજ સવારે ૯ કલાકે આઝાદ કલબ તાલુકા પંચાયત કચેરી પાસે કેશોદ ખાતે હાજર રહેવાનું રહેશે. કેશોદ ખાતેના હાઈટ હન્ટની વધુ માહિતી માટે નયનભાઈ સોલંકી મો.૬૩૫૧૮ ૨૬૪૩૨નો સંપર્ક કરવાનો રહેશે. તથા તા.૭-૨-૨૦૨૩ના રોજ સવારે ૬ કલાકે સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ ખાતે હાજર રહેવાનુ રહેશે. જૂનાગઢ ખાતેના હાઈટ હન્ટ માટેની વધુ માહિતી માટે હરિભાઈ છાત્રોડીયા મો.૮૪૮૮૮ ૨૨૦૧૩નો સંપર્ક કરવાનો રહેશે. આ હાઈટ હન્ટમાં ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ વર્ષના ભાઈઓના વર્ગમાં અનુક્રમે ૧૬૦, ૧૬૮, ૧૭૩ અને ૧૭૯ સે.મી. હાઈટ હોવી જોઈએ. તેવી જ રીતે ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ બહેનોમાં અનુક્રમે ૧૫૫, ૧૬૩, ૧૬૬ અને ૧૭૧ સે.મી. હાઈટ હોવી જોઈએ.

# ઉના શહેરમાંથી નવાબંદર ખાતે બનતી જેટીમાં બેફામ દોડતા ડમ્પરો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩

ઉના શહેરમાંથી નવાબંદર ખાતે બનતી જેટીમાં અવરલોડિંગ અને વાડ વગરના ડમ્પર દ્વારા મટીરીયલ સપ્લાય કરવામાં આવે છે. આ બેફામ ચાલતા ડમ્પરોએ ભૂતકાળમાં અકસ્માતો પણ કર્યા છે. આ અંગે અનેક આગેવાનોએ રજૂઆત કરી, ટ્વીટર દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છતાં પણ કોઈ પણ જાત ના પગલા કે ડમ્પરોને કંટ્રોલ કરવાને બદલે જાણે કે તંત્ર અકસ્માતની રાહ જોઈ બેઠું હોય તેમ તમામ રજૂઆતો બે અસર હોય તેવું જોવા મળી રહ્યું છે. વધુમાં આ ડમ્પરોમાં રોયલ્ટી પાસમાં ૪૦૦ કી.મી.નો દર્શાવવામાં આવ્યો છે, રોયલ્ટીમાં બતાવેલ સ્થળથી નવાબંદર ૨૭ કિ.મી. આસપાસ છે તો એટલા બધા કી.મી.નું ડિસ્ટન્સ કેમ બતવવામાં આવતું હસે ?! અમુક ડમ્પરોમાં પાછળ નંબર પ્લેટ કે નંબર હોતા નથી છતાં બેરોકટોક ડમ્પરો બેફામ ચાલે છે. જ્યારે કોઈ સમાન્ય વ્યક્તિના વાહનમાં નંબર પ્લેટ ના હોય તો તંત્ર દ્વારા દંડ કરવામાં આવે છે. જ્યારે આવા ડમ્પરોને કોઈ કેવા વાળુ નથી કે શું? એવી લોક ચર્ચા થાય છે. હવે આ બાબતે તંત્ર પગલા લેશે કે કેમ? એ તો આવનારો સમય જ બતાવશે.

# કેરળ રાજ્યના નિવાસી અને જૂનાગઢ ખાતે અભ્યાસ કરતા વિધાર્થીનો ખોવાયેલ મોબાઈલ ફોન શોધી આપતી પોલીસ




જૂનાગઢ, તા.૩

અરજદાર વરૂણ સ્કંદન મુળ કેરળ રાજ્યના નિવાસી હોય અને જૂનાગઢ ખાતે અભ્યાસ અર્થે આવેલ હોય તેઓ જૂનાગઢ બસ સ્ટેન્ડ પાસે કોઈ કામથી ગયેલ હોય તે દરમ્યાન કોઈ ટુ-વ્હીલ ઉપર તેમણે પોતાનો રૂા. ૨૦,૦૦૦/- ની કીંમતનો IQOO Z૩ 5G મોબાઈલ ફોન રાખેલ હોય થોડા સમય બાદ તેમનો મોબાઈલ ફોન તે સ્થળ ઉપર જોવા ના મળતા તે અને તેમના મીત્રો વ્યથીત થઈ ગયેલ હતા અને આ બાબતની જાણ જૂનાગઢ શહેરના બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.એ.શાહને કરતા પી.આઈ. એન.એ.શાહ દ્વારા નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ.મશરૂને જાણ કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડકંટ્રોલ સેન્ટર) અને બી ડીવીઝન પો.સ્ટે.દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ ડી.વાય.એસ.પી. એચ.એસ.ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ બી.ડીવી.પો.સ્ટે.ના પો.ઈન્સ. એન.એ.શાહ, પો.કોન્સ. સંજયભાઈ માલમ તથા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, હે.કોન્સ. રામશીભાઈ ડોડીયા, પો.કોન્સ. રાહુલગીરી મેઘનાથી, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી જે સ્થળે તેઓ પસાર થયેલ હતા તે સ્થળના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા જે ટુ વ્હીલ ઉપર તેમનો મોબાઈલ ફોન હતો તે ટુ વ્હીલ ચાલક ટુ-વ્હીલ લઈ અને જતા રહેલ. સીસી ટીવી ફૂટેજ દ્વારા તે ટુ-વ્હીલ ચાલકનો સ્પષ્ટ ચહેરો તથા વાહન નંબર શોધી કાઢેલ. જૂનાગઢ બી ડીવીઝન પોલીસ દ્વારા ટુ વ્હીલ ચાલકને શોધી ગણતરીની કલાકોમાં વરૂણ સ્કંદનનો રૂા. ૨૦,૦૦૦/- ની કીંમતનો IQOO Z3 5G મોબાઈલ ફોન સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સંવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને વરૂણ સ્કંદન દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને બી ડીવીઝન પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં વરૂણ સ્કંદનનો રૂા. ૨૦,૦૦૦/- ની કીંમતનો IQOO Z3 5G મોબાઈલ ફોન સહી સલામત પરત અપાવ સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

# ખંભાળિયામાં માનવ સેવા સમિતિ દ્વારા સેવા કેમ્પ યોજાયો

## નેત્ર નિદાન સારવાર કેમ્પનો લાભ લેતા દર્દીઓ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩



ખંભાળિયાની સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલ ખાતે તાજેતરમાં વિના મૂલ્યે નેત્ર નિદાન સારવાર શસ્ત્રક્રિયા કેમ્પ દંત ચિકિત્સા કેમ્પ તેમજ બ્લડપ્રેશર-ડાયાબિટીસ નિદાન સારવાર તથા દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બર્મિંગહામ (યુ.કે.) સ્થિત નથવાણી પરિવાર તથા અન્ય દાતાઓના સહકારથી સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે યોજવામાં આવેલા આ કેમ્પમાં ખંભાળિયા શહેર તેમજ આજુબાજુ વિસ્તારના ૨૧૬ જેટલા દર્દીઓએ લાભ લઈ, સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આ કેમ્પમાં રાજકોટની જાણીતી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ આંખની હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો અને ટેકનિશિયનોએ તેઓની સેવા આપી હતી. ઓપરેશનની જરૂર જણાતા ૩૮ દર્દીઓને આ જ દિવસે બસ દ્વારા રાજકોટ લઈ જઈ બીજા દિવસે નેત્રમણી સહિતના આધુનિક ઓપરેશન કરી, ત્રીજા દિવસે પરત મૂકી આપવામાં આવ્યા હતા. દંત ચિકિત્સા વિભાગમાં હોસ્પિટલના દાંતના નિષ્ણાંત સર્જન ડો. ક્રિષ્નાબેન મોરજરીયાએ તથા લેબોરેટરી વિભાગમાં લેબોરેટરી ટેક્નિશિયન રીમ્પલબેન બારાઈએ સેવા આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્નાએ હોસ્પિટલની કાર્ય શૈલીને બિરદાવી, ટ્રસ્ટીઓ તથા કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યમંત્રી ડો. આર.એન. વારોતરીયાએ દાતાઓને અભિનંદન આપી, વધુને વધુ શિક્ષણનો વ્યાપ ગ્રામ્ય વિસ્તારમાં ફેલાવવા લોકોને અપીલ કરી હતી. આ તકે યોજાયેલા દાતાઓના સન્માન સમારંભ પ્રસંગે સંસ્થાના ખજાનચી અને ટ્રસ્ટી જગદીશભાઈ ચાવડાએ સૌ મહેમાનોનું સ્વાગત કરી, માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણીએ દાતાઓની ભાવનાને બિરદાવી હતી. દાતા પરિવારના યુ.કે. - બર્મિંગહામ સ્થિત પ્રફુલભાઈ નથવાણીએ દર વર્ષે આવી સેવા પ્રવૃત્તિઓ કરવા અને સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા અપીલ કરી હતી. આ સેવા યજ્ઞને સફળ બનાવવા સંસ્થાના સેક્રેટરી મનુભાઈ પાબારી ટ્રસ્ટી વિમલભાઈ સાયાણી, નાથાલાલભાઈ બદીયાણી, સુભાષભાઈ બારોટ તેમજ હોસ્પિટલના મેનેજર અભિષેક સવજાણી, રાહુલ કણજારીયાએ જહેમત ઉઠાવી હતી.

# આગામી કેન્દ્રીય બજેટ આમ જનતા માટે સુખ-સુવિધા રૂપ સાબિત થશે : દેવભૂમિ દ્વારકા જીલ્લાના આગેવાનોનો પ્રતિભાવ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા ગઈકાલે રજૂ કરવામાં આવેલું દેશનું સામાન્ય બજેટ ભારતના સામાન્ય નાગરિકો માટે પણ ભારે આશીર્વાદરૂપ સાબિત થશે તેવા પ્રતિભાવો સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાના આગેવાનો હોદેદારોએ આ બજેટને આવકાર્યું છે. આ બજેટથી દેશના વિકાસને વેગ મળશે તેવો આશાવાદ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. દેશના નાગરિકો માટે મુખ્ય ઉત્તેજના અને અપેક્ષા પૂરી કરતી આવકની મુક્તિ મર્યાદાને વધારી અને રૂપિયા સાત લાખની કરવામાં આવતા આ તમામ ટેક્સ પેયર્સ દ્વારા સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે સાથે બજેટમાં કરવામાં આવેલી મહત્વની જોગવાઈઓમાં દેશની સુરક્ષા માટે અત્યાર સુધીમાં સૌથી વધુ રૂપિયા ૫૯૪ લાખની સંરક્ષણ ખર્ચની જોગવાઈ, ઈક્મટેક્સ માટેના નવા સ્લેબ, કૃષિ ક્ષેત્રે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રૂા.૬,૦૦૦ કરોડની પી.એમ. મત્સ્ય સંપદા યોજના, માછીમારો માટે ખાસ પેકેજ, રેલ્વેના વિકાસ માટે અને નવી લાઈનોની સુવિધા વિગેરે માટે રૂપિયા અઢી લાખ કરોડ, ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા સ્ટ્રકચર માટે રૂપિયા ૭૫ હજાર કરોડ, લડાકમાં રીન્યુએબલ એનર્જી માટે ૨૦,૭૦૦ કરોડના ખર્ચનું આયોજન, દેશમાં નવા ૫૦ એરપોર્ટ બનાવવા, ઈ-કોર્ટ માટે રૂપિયા ૭,૦૦૦ કરોડનું આયોજન, પી.એમ. આવાસ યોજના માટે રૂપિયા ૭૯,૦૦૦ કરોડનું આયોજન, ખેડૂતો માટે વૈકલ્પિક ખાતર યોજના, ત્રણ કરોડની આવક સુધીના લઘુ ઉદ્યોગોને ટેક્સમાં રાહત, રિટર્ન ભરવાની પ્રક્રિયા સરળ બનાવવા, ઉર્જા ક્ષેત્ર રૂા.૩૫,૦૦૦ કરોડનું આયોજન, ક્રૂડ પર કસ્ટમ ઘટાડવાના નિર્ણય સહિતના અનેક મહત્વના પગલાંઓ આ બજેટમાં જાહેર કરવામાં આવ્યા છે. સરકારના આ બજેટથી વિદેશી હૂંડિયામણ વધશે, ખેડૂતો અને ગ્રામ લક્ષી યોજનાઓથી ગામડાઓ અને ધરતીપુત્રોને લાભ થશે.

એટલું જ નહીં હાલ વૈશ્વિક મંદીના સમયમાં પણ ભારતમાં આ મંદીની ખાસ કોઈ અસર ન હોય તેવા ચિત્ર સાથેનું આ બજેટ ખૂબ જ આવકારદાયક હોવાનો સુર જિલ્લાના ભાજપના પ્રભારી તથા જાણીતા અર્થશાસ્ત્રી પ્રદીપભાઈ ખીમાણી સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના પ્રમુખ ખીમભાઈ જોગલ, મહામંત્રી મયુરભાઈ ગઢવી, યુવરાજસિંહ વાઢેર, શૈલેષભાઈ કણજારીયા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. આ બજેટને ખંભાળિયા શહેર ભાજપના પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન જીગ્નેશભાઈ પરમાર, ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા, કારોબારી ચેરમેન હીનાબેન હિતેન્દ્રભાઈ આચાર્ય સાથે અગ્રણીઓ હરિભાઈ નકુમ, કાનાભાઈ કરમુર, સંજયભાઈ નકુમ, જીતેન્દ્રભાઈ કણજારીયા, દિનેશભાઈ દતાણી યોગેશભાઈ મોટાણી, ધીરૂભાઈ ટાકોદરા, ઈન્દ્રજીતસિંહ પરમાર, રાજુભાઈ ભરવાડ, વિગેરે દ્વારા આવકારવામાં આવ્યું છે.

# પુરૂષોની સરખામણીએ મહિલાઓ માટે વજન ઘટાડવું મુશ્કેલ

નવી દિલ્હી, તા.૩



વજન ઘટાડવું ઘણા લોકો માટે પડકારરૂપ હોઈ શકે છે અને તે સ્ત્રીઓને વધુ અસર કરે છે. તમે ઘણી વાર જોયું હશે કે એક મહિલા અને તેનો પાર્ટનર એકસાથે વજન ઘટાડવાની યાત્રા શરૂ કરે છે, પરંતુ સ્ત્રીઓ પુરૂષો કરતા ધીમી ગતિએ વજન ઘટાડે છે. પુરુષોની સરખામણીમાં મહિલાઓ માટે વજન ઘટાડવું મુશ્કેલ છે તેની પાછળ ઘણા કારણો છે. જો કે, આનો અર્થ એ નથી કે સ્ત્રીઓનું વજન બિલકુલ ઘટતું નથી. તેઓએ વજન ઘટાડવાની તંદુરસ્ત પદ્ધતિઓનો પ્રયાસ કરતા રહેવું જોઈએ. ચાલો જાણીએ તે પાછળનુ કારણ કેમ પુરુષોની સરખામણીએ સ્ત્રીઓનું વજન ધીમે ઘટે છે. તમે આશ્ચર્ય પામશો કે શા માટે ભગવાન ઈચ્છે છે કે સ્ત્રીઓ પુરૂષો કરતાં વધુ ચરબી સંગ્રહિત કરે. આનું કારણ એ છે કે મહિલાઓને બાળકના જન્મ, હોર્મોન ઉત્પાદન તેમજ સ્તનપાન માટે વધારાની ચરબીની જરૂર પડે છે. વજન ઘટાડવું ઘણા લોકો માટે પડકારરૂપ પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓમાં સ્નાયુઓ ઓછા હોવાથી તેમની વજન ઘટાડવાની પ્રક્રિયા થોડી ધીમી થઈ જાય છે જેમ કે તમે સારી રીતે જાણતા હશો કે સ્ત્રીઓ વધુ લાગણીશીલ હોય છે. લાગણીઓમાં દરેક ઉતાર-ચઢાવ સાથે, તમારું શરીર હોર્મોનલ ફેરફારોના કાસ્કેડમાંથી પસાર થાય છે. આનાથી ચરબી ઘટાડવાનું વધુ મુશ્કેલ બને છે. સ્નાયુઓ શરીરના સક્રિય ઘટક છે અને સ્નાયુ સમૂહ જેટલું વધારે છે, તેટલી વધુ કેલરી બાળી શકાય છે. પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓમાં સ્નાયુઓ ઓછા હોવાથી તેમની વજન ઘટાડવાની પ્રક્રિયા થોડી ધીમી થઈ જાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

**બ્રિટનની રાષ્ટ્રીય પ્રસારક બીબીસીની ડોક્યુમેન્ટ્રીને કઈ શ્રેણીમાં મૂકવી? શું તેને પત્રકારત્વ કહેવાય કે પછી ભારત પ્રત્યે ઘૃણા?**

ગુજરાત રમખાણોને લઈને બ્રિટનની રાષ્ટ્રીય પ્રસારક બીબીસીની ડોક્યુમેન્ટ્રીને કઈ શ્રેણીમાં મૂકવી? શું તેને પત્રકારત્વ કહેવાય કે પછી ભારત પ્રત્યે ઘૃણા? આ ઘટનાક્રમમાં ભારત સરકારની જે પ્રતિક્રિયા આવી છે, તેના પર અલગથી ચર્ચા થઈ શકે છે. આ પહેલી વાર નથી બન્યું કે ડાબેરી ઝોક ધરાવતા બીબીસીએ કોઈ ભારત વિરોધી રિપોર્ટ કે ડોક્યુમેન્ટ્રી બનાવી હોય અને ભારત સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હોય. ૧૯૬૮-૭૧માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની સરકાર દ્વારા બીબીસી પર મૂકાયેલો પ્રતિબંધ તેનું પ્રમાણ છે. ખુદ બ્રિટિશ સરકારો-રાજનેતાઓ (માર્ગારેટ થેચર સહિત) સાથે પણ બીબીસીનો જૂનો વિવાદ રહ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં જે પ્રકારે બીબીસીએ ૨૦ વર્ષ જૂના પ્રકરણ પર વિકૃત રિપોર્ટ રજ કર્યો છે, તે બ્રિટિશ અધિનાયકવાદથી પ્રેરિત છે, જેણે ૧૯મી શતાબ્દીમાં કમજોર કડીઓ શોધીને સમયાંતરે ડાબેરીઓ અને જેહાદીઓ સાથે મળીને ભારતનું રક્તરંજિત વિભાજન કરીને પાકિસ્તાનને જન્મ આપ્યો. આ જ વૈચારિક ત્રિપુટી સામુહિક અને વ્યક્તિગત રૂપે ખંડિત ભારતને ફરીથી ટૂકડા કરવાનો પ્રયાસ કરી રહી છે.

પહેલી વાત એ કે ૨૦૦૨નાં ગુજરાત રમખાણો ના તો ભારતની પહેલી સાંપ્રદાયિક હિંસા હતી, ના છેલ્લી. બીબીસીની સેવાઓ ૧૦૧વર્ષથી ચાલી રહી છે અને એ દરમ્યાન દેશની અંદર ખિલાફત આંદોલન (૧૯૧૯-૨૪), મોપલા-કોહાટ નરસંહાર, લોહિયાળ કલકત્તા ડાયરેક્ટ એક્શન ડેથી માંડીને રાંચી-હટિયા (૧૯૬૭), મુરાદાબાદ (૧૯૮૦), મેરઠ (૧૯૮૭), ભાગલપુર (૧૯૮૯), મુંબઈ (૧૯૯૩), મઉ (૨૦૦૫), કંધમાલ (૨૦૦૭-૦૮), અસમ (૨૦૧૨), મુઝફ્ફરનગર (૨૦૧૩), દિલ્હી (૨૦૧૯-૨૦) અને ઉદયપુર-અમરાવતી હત્યાકાંડ (૨૦૨૨) જેવા અસંખ્ય સાંપ્રદાયિક પ્રકરણો જોવા મળ્યાં છે. આખરે બીબીસી અને તેનો હાલનો રિપોર્ટનું સમર્થન કરનારા માત્ર એક જ રમખાણો પર કેમ અટકી ગયા છે?

બીબીસીની ડોક્યુમેન્ટ્રીમાં રમખાણોનો તો ઉલ્લેખ છે, પરંતુ તેમાં કુટિલતા સાથે એ નૃશંસ ગોધરા કાંડને ગૌણ કરી દેવાયો, જે વાસ્તવમાં આ આખા ઘટનાક્રમનું કેન્દ્રબિંદુ અને ઉદ્ભવસ્થાન હતો. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ અયોધ્યાથી ટ્રેનમાં પાછા ફરી રહેલા ૫૯ કારસેવકોને મજહબી ભીડે કાવતરા અંતર્ગત જીવતા બાળી મૂક્યા હતા, જેમાં અદાલતી સુનાવણી બાદ હાજી બિલ્લા, રઝાક કુરકુર સહિત ૩૧ લોકો દોષીત ઠર્યા હતા. સ્પષ્ટ છે કે રમખાણો પર બીબીસીનો એકાંગી રિપોર્ટ પત્રકારત્વ તો બિલકુલ ન કહી શકાય. બીબીસીએ પોતાની રજૂઆતમાં ભારતના જે કહેવાતા સેક્યુલરો, જેહાદીઓ અને બુદ્ધિજીવીઓને એ જ મિથ્યા પ્રચારો દોહરાવતા દેખાડ્યા છે, જેને ભારતીય સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી વિશેષ તપાસ દળ (એસઆઈટી)એ ૨૦૧૨માં ધરાર ફગાવી દીધા હતા, પરંતુ સમયાંતરે આ ચુકાદા વિરુદ્ધ દાખલ અરજીને પણ ખુદ સુપ્રીમ કોર્ટે જ આકરા શબ્દો સાથે ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ ફગાવી દીધી હતી.

આ પ્રકરણને જોતાં ડાબેરી લેખિકા અરુંધતી રોયના બે દાયકા જૂનો એક લેખ યાદ કરવા જેવો છે જે તેણે એક પ્રતિષ્ઠિત અંગ્રેજી સમાચાર પત્રિકા માટે લખ્યો હતો. તેમાં અરુંધતિ રોયે દાવો કર્યો હતો કે અહેસાન જાફરીની પુત્રીને નિર્વસ્ત્ર કરીને જીવતી બાળી મૂકવામાં આવી હતી. જ્યારે જાફરીની પુત્રી ત્યારે અમેરિકામાં ક્ષેમકુશળ હતી. તેના માટે અરુંધતિ રોયે માફી માંગવી પડી હતી. તે સમયે અરુંધતિ સાથે તીસ્તા સેતલવાડ જેવી સ્વયંભૂ સેક્યુલરોએ વિકૃત વિમર્શના જોરે ગુજરાત રમખાણોને એવી રીતે રજૂ કર્યા, જાણે સ્વતંત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશી ઈસ્લામી આક્રમણખોરોના જેહાદી કાળખંડ બાદ પહેલી વાર હિંદુ-મુસ્લિમો વચ્ચે કોઈ તોફાનો થયાં હોય.

અમદાવાદમાં આ હિંસા એ સાંપ્રદાયિક રમખાણોની લાંબી અને દુર્ભાગ્યપૂર્ણ શૃંખલામાં એક છે, જેની પહેલી ઘટના ૧૭૧૪માં મુગલકાળ દરમ્યાન હોળીના દિવસે બની હતી. જ્યારે ૧૯૯૩ સુધી અમદાવાદ આવાં તો ૧૦ મોટાં રમખાણોનું સાક્ષી બન્યું. ૧૭૧૪માં ના તો ભાજપ, આરએસએસ, બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ અસ્તિત્વમાં હતા, ના ૧૯૬૯-૧૯૮૫માં થયેલા સાંપ્રદાયિક રમખાણો સમયે સત્તાના કેન્દ્રમાં હતા. અરુંધતી-તિસ્તા જેવાંના ભારત-હિંદુ વિરોધી ચિંતનને બીબીસી પણ પોતાની 'વ્હાઈટ મેન બર્ડન' માનસિકતાને કારણે અંગીકાર કરે છે. આ દર્શનથી પ્રેરિત બ્રિટનનો એક પૂર્વ વિદેશ મંત્રી, આઠ વખતનો સાંસદ અને લેબર પાર્ટીનો વરિષ્ઠ નેતા જેક સ્ટ્રો પણ છે, જેની કથિત 'ગોપનીય તપાસ' પર બીબીસીએ આખી ડોક્યુમેન્ટ્રી ઘડી કાઢી છે. સ્ટ્રો કેટલો પ્રામાણિક અને સાચો છે, એ તેના દ્વારા ઈરાક યુદ્ધનું સમર્થન કરવા માટે જૂઠ્ઠાણાં ઘડવાથી સ્પષ્ટ થાય છે. ૨૦૧૬માં જાહેર થયેલ 'ચિલ્કોટ રિપોર્ટ' તેની સાબિતી છે.

વાસ્તવમાં બીબીસી પોતાના મોદી-વિરોધી અભિયાનથી બ્રિટનને પછાડીને વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બનનારા, જી-૨૦ની અધ્યક્ષતા કરી રહેલા અને બ્રિટન સાથે મુક્ત વેપાર સમજૂતી કરવા જઈ રહેલા ભારતને કલંકિત કરવા માંગે છે, સાથે જ તે એના માધ્યમથી પોતાની નિરંતર ઘટતી પ્રતિષ્ઠા-વિશ્વસનીયતાને બચાવવા અને વડાપ્રધાન ઋષિ સુનકને બ્રિટિશ રાજનીતિમાં એકલા પાડવા માંગે છે. દેશ-વિદેશોમાં ચેનલોનું પૂર આવવાથી પ્રતિસ્પર્ધા શાતે દર્શકોનું ઓટીટી તરફ ઢળવું, બ્રિટિશ સરકાર દ્વારા બજેટીય ખર્ચ રોકવા, સતત આવક ઘટવી અને નોકરીમાં કપાતથી બીબીસી ત્રસ્ત છે. અનુમાન લગાવવું મુશ્કેલ નથી કે ૭૭ ટકા સ્વીકૃતિ સાથે વિશ્વના સૌથી લોકપ્રિય રાજનેતા-ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાંછિત કરીને બીબીસી એક વિશેષ વર્ગમાં પ્રસિદ્ધિ ઈચ્છે છે.

એ રોચક છે કે જે બીબીસીની ડોક્યુમેન્ટ્રીને ખુદ બ્રિટિશ વડાપ્રધાનની સાથે જ અન્ય રાજનેતાઓ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે પ્રોપેગેન્ડા ગણાવીને ફગાવી ચૂક્યા છે, તેને મહત્ત્વ નથી આપતા, ત્યારે ભારતમાં એક ચોક્કસ જમાત તેને અંતિમ સત્ય માની રહી છે, જે 'કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવીને ૧૯૮૯-૯૧માં ઘાટી સ્થિત પંડિતોના નરસંહારને જૂઠ્ઠો ગણાવે છે! ખરું તો એ છે કે બીબીસીની હાલની ડોક્યુમેન્ટ્રી એ અપેક્ષિત ખતરા અને ખોટા નરેટિવ ઘડવાનો નમૂનો માત્ર છે, જે ભારતના ઉત્થાનમાં રોડાં નાખવા માંગે છે.

### રસ્તા પર ઉતર્યા લોકો, નેતાઓ વિદેશ ભાગ્યા

# પાક.ના કબ્જાવાળા કાશ્મીરમાં ભૂખમરો અને બેરોજગારી




નવી દિલ્હી,તા.૩

પાકિસ્તાનના કબ્જાવાળા કશ્મીર ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો પોતાની દૈનિક જરુરિયાતની વસ્તુની માગને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં ઝડપથી ઘટી રહેલી નોકરીઓ અને બેરોજગારીને લઈને લોકોમાં નારાજગીમાં છે. પીઓકેમાં આ નારાજગી ત્યારે વધી, જ્યારે આ વિરોધ પ્રદર્શનની વચ્ચે પીઓકેના રાષ્ટ્રપતિ બૈરિસ્ટર સુલ્તાન મહમૂદ ચૌધરી બે અઠવાડીયાની વિદેશ યાત્રા પર જતા રહ્યા. પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીર, ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો ઘઉંનો લોટ, દાળ અને વીજળીની સપ્લાઈ જેવી માગને લઈને રસ્તા પર ઉતરી વિરોધ કરી રહ્યા છે. પીઓકેના લોકો ઝડપથી વધતી મોંઘવારી અને બેરોજગારી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદેશ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે પાકિસ્તાનમાં પણ આર્થિક સંકટ ઘેરાયેલું છે. પુર અને દેશના ખાદ્ય સંકટથી પ્રભાવિત પીઓકેના નાગરિક લાંબા સમયથી તમામ સ્તર પર નેતૃત્વની નિષ્ફળતા વેઠી રહ્યા છે. પણ આ તમામની વચ્ચે પાકિસ્તાનના કબ્જાવાળા કશ્મીરના લોકોને સૌથી વધારે ત્યારે માઠો અનુભવ થયો જ્યારે તથાકથિત રાષ્ટ્રપતિ બૈરિસ્ટર સુલ્તાન મહમૂદ ચૌધરી તુર્કી, યૂનાઈટેડ કિંગડમ અને બેલ્જિયમની બે અઠવાડીયાના યાત્રા પર ચાલ્યા ગયા હતા. પાક.ના કબ્જાવાળા કાશ્મીર, ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો ઘઉંનો લોટ, દાળ અને વીજળીની સપ્લાઈ જેવી માગને લઈને રસ્તા પર ઉતરી વિરોધ કરી રહ્યા છે ગુસ્સામાં રસ્તા પર વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો માટે આ સમાચાર તેમને વધારે ગુસ્સે કરી રહ્યા હતા. અચાનકથી થયેલા આ યાત્રાને લઈને હાલમાં કોઈને જાણકારી નથી, પણ આવી રીતે તેમના ચાલ્યા જવાથી જનતામાં ગુસ્સો ખૂબ વધ્યો છે. છેલ્લા કેટલાય મહિનાથી લોકો સેનાની મનમાનીનો વિરોધ કરી રહ્યા છે, જે આ ક્ષેત્રમાં પોતાની કોલોનીની માફક કાબૂ કરે છે. પાકિસ્તાની સેના આ વિસ્તારમાં મોટા પાયે ભૂમિ અને ખનિજ ખાણો પર કબ્જો કરવા માટે જવાબદાર છે.


## સરકારે આપી બેંકમાંથી રૂપિયા ટ્રાન્સફર કરતા વ્યકિતઓ માટે અનોખી ભેટ

નવીદિલ્હી,તા.૩

નાણામંત્રી નિર્મલા સિતારમણે આજે દેશનું સામાન્ય બજેટ રજૂ કર્યુ છે. આ નાણામંત્રીનું પાંચમું બજેટ છે. બજેટ દરમિયાન સરકારે ઘણી મોટી જાહેરાતો કરી. નાણામંત્રીએ કહ્યું કે, બેંક પ્રશાસનમાં સુધાર અને રોકાણકારોની સુરક્ષા વધારવા માટે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, બેંકિંગ કંપની એક્ટ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટમાં કેટલાક સુધારાની દરખાસ્ત કરવામાં આવી રહી છે. બેંકિંગ વહીવટમાં સુધારા માટે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. નિર્મલા સિતારમણે કહ્યું કે, સેબને હજુ વધારે સશક્ત બનાવવામાં આવશે. સી.એન.બી.સી ટીવી ૧૮ હિન્દી એજન્સીના અહેવાલ મુજબ જો તમને જણાવીએ તો, નાણામંત્રીએ તેમના ભાષણમાં આઈએફએસસી એક્ટમાં ફેરફારની જાહેરાત કરી, હવે વિદેશી બેંક IFSC બેંકને ટેકઓવર કરી શકશે. નાણાકીય રેગુલેટર નિયમોની સમીક્ષા કરશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રેલવે અને ખેડૂતોને લઈ ટેક્સપેયર્સ બધાનું ધ્યાન રાખ્યું છે. નિર્મલા સિતારમણે કહ્યું કે, કોરોના છતાય ભારતીય અર્થતંત્ર યોગ્ય દિશામાં છે. ચાલૂ વર્ષ માટે દેશની અર્થવ્યવસ્થાની વૃદ્ધિ ૭ ટકા સુધી રહી શકે છે. આ વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધારે છે. તેમણે જણાવ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થા દુનિયામાં ૧૦માં સ્થાન પર પહોંચી છે. આ દરમિયાન મહિલાઓ અને ગરીબો માટે મોટી જાહેરાત કરવામાં આવી છે.




# પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને બ્રિટનમાં મળ્યો એવોર્ડ



નવીદિલ્હી,તા.૩

પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહન સિંહને હાલમાં જ આર્થિક અને રાજકીય જીવનમાં તેમના યોગદાન માટે લંડનમાં ઈન્ડિયા-યૂકે એચીવર્સ ઓનર્સ દ્વારા લાઈફટાઈમ એચીવમેન્ટ સન્માનથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. ગયા અઠવાડિયે લંડનમાં એક કાર્યક્રમમાં આ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી. જોકે આ એવોર્ડને લેવા માટે પૂર્વ પ્રધાનમંત્રી બ્રિટન પહોંચ્યા ન હતા. પરંતુ આ એવોર્ડ રાષ્ટ્રીય ભારતીય વિદ્યાર્થી અને પૂર્વ છાત્ર સંઘ યૂકે દ્વારા દિલ્લીમાં ડૉ.મનમોહન સિંહને આપવામાં આવશે. દ્રૈંજીછેં-યૂકે દ્વારા ઈન્ડિયા-યૂકે એચીવર્સ ઓનર્સ બ્રિટનના આંતરરાષ્ટ્રીય વેપાર વિભાગ અને બ્રિટીશ કાઉન્સિલ ઈન ઈન્ડિયાના સહયોગથી બ્રિટનના વિશ્વ વિદ્યાલયમાં શિક્ષા હાંસલ કરીને જીવનમાં હાંસલ કરનારા ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઓનર ઓક્સફોર્ડ અને કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયમાં ડૉ.મનમોહન સિંહના યોગદાનને રેખાંકિત કરે છે. ત્યારે પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહન સિંહનો સંદેશ સામે આવ્યો. ડૉ.મનમોહન સિંહે પોતાના સંદેશમાં કહ્યું કે હું તેના માટે બહુ આભારી છું. કેમ કે આ યુવાઓ દ્વારા આપવામાં આવ્યું છે. આ સન્માન આપણા દેશ અને બંને દેશોની વચ્ચેના સંબંધોનું ભવિષ્ય છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી ભારતના પ્રધાનમંત્રી રહેલા ૯૦ વર્ષીય મનમોહન સિંહે કહ્યું કે ભારત અને બ્રિટનના સંબંધોને આપણી શૈક્ષણિક ભાગીદારીએ હકીકતમાં પરિભાષિત કરી છે. બ્રિટનમાં અનેક ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસની તક મળી. જેમાં આપણા દેશના સંસ્થાપક મહાત્મા ગાંધી, ડૉ. ભીમરાવ આંબેડકર, સરદાર પટેલ અને અનેક અન્ય લોકોએ બ્રિટનમાં અભ્યાસ કર્યો છે. અને મહાન નેતા બન્યા. આ લોકો એવો વારસો છોડીને ગયા છે જે ભારત અને દુનિયાને સતત પ્રેરિત કરે છે. વીતેલા વર્ષોમાં અનેક ભારતીય વિદ્યાર્થીઓને બ્રિટનમાં અભ્યાસ કરવાની તક મળી છે. આ ૭૫ લોકો ઈન્ડિયા-યૂકે એચીવર્સ ઓનર્સથી સન્માનિત થયા. જેમાં ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવાના ઉપલક્ષ્યમાં પહેલીવાર વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ હાંસલ કરનારા ૭૫ લોકોને ઈન્ડિયા-યૂકે એચીવર્સ ઓનર્સથી સન્માનિત કરાયા. જ્યારે અન્ય લોકોને આઉટસ્ટેન્ડિંગ એચીવર્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતીય મૂળના બ્રિટીશ નાગરિક લોર્ડ કરણ બિલિમોરિયાને ૨૫ જાન્યુઆરીએ આયોજિત સમારોહમાં લિવિંગ લેજન્ડ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા. આ એવોર્ડમાં આ લોકોને સન્માનિત કરાયા. આઉટ સ્ટેન્ડિંગ એચીવર્સથી નવાજવામાં આવેલા લોકોમાં બોલીવુડ અભિનેત્રી પરિણીતી ચોપરા, આમ આદમી પાર્ટીના પ્રવકતા અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, સીરમ ઈન્સ્ટીટ્યૂટના સીઈઓ આદર પૂનાવાલા અને ભારતીય મહિલા ફૂટબોલ ટીમના ગોલકીપર અદિતી ચૌહાણનો સમાવેશ થાય છે.

## શું બીબીસીએ એજન્ડા માટે ચીની કંપની પાસેથી પૈસા લીધા? : ભાજપના સાંસદનો આરોપ

નવીદિલ્હી,તા.૩

બીબીસીની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરીના નવા વળાંકમાં, બીજેપી સાંસદ અને એડવોકેટ મહેશ જેઠમલાણીએ મંગળવારે યુકે બ્રોડકાસ્ટરની પીએમ મોદી અને ગુજરાતના રમખાણો પર બનેલી ડોક્યુમેન્ટરીની સિરિઝને ચીન સાથે જોડાયેલા હ્યુઆવેઈ સાથે જોડવામાં આવ્યું છે. ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરના તેમના નેતૃત્વ પર સવાલ ઉઠાવતી બીબીસીની ડોક્યુમેન્ટરીએ ભારે હોબાળો મચાવ્યો હતો અને ઘણા લોકોએ યુકેના પ્રસારણકર્તાને 'જૂઠ'નો ફેલાવો કરવા માટે ટીકા પણ કરી છે. **spectator.co.uk**ના અહેવાલને ટ્વીટ કરીને જેઠમલાણીએ કહ્યું કે, 'બીબીસી ભારત વિરોધી કેમ છે? કારણ કે તેને તેના એજન્ડાને આગળ વધારવા માટે ચીન સાથે જોડાયેલી કંપની **Huawei** પાસેથી નાણાંની સખત જરૂર છે. (બીબીસી એક ફેલો ટ્રાવેલર, કોમરેડ? જયરામ?) તે એક સરળ રોકડ-પ્રમોશન ડીલ છે. બીબીસી વેચાણ માટે છે.' ફેલો ટ્રાવેલરનો મતલબ એક એવી વ્યક્તિ અથવા સંસ્થાનો ઉલ્લેખ કરે છે જે કોઈ ચોક્કસ જૂથ અથવા રાજકીય પક્ષ (ખાસ કરીને સામ્યવાદી પક્ષ) ના સભ્ય નથી, પરંતુ જે તે જૂથના ઉદ્દેશ્યો અને નીતિઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. મહેશ જેઠમલાણી દ્વારા પોસ્ટ કરવામાં આવેલ 'ધ સ્પેક્ટેટર રિપોર્ટ' - શીર્ષક: **BBC** હજુ પણ પ્રતિબંધિત **Huawei** પાસેથી પૈસા લઈ રહ્યું છે - **BBC** ની શંકાસ્પદ નવી કોર્પોરેટ ભાગીદારી વિશે વાત કરે છે, જેમાંથી એક ચીની ટેક જાયન્ટ ટેક કંપની **Huawei** સાથે છે અને જે ૨૦૧૯ માં યુએસ અને ૨૦૨૦ માં બ્રિટન દ્વારા પર નેટવર્ક્સ માટે સુરક્ષાની ચિંતાઓને લઈને પ્રતિબંધિત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી) ડોક્યુમેન્ટ્રી 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન' બે ભાગમાં છે, જે ૨૦૦૨ના ગુજરાત રમખાણો સંબંધિત કેટલાક પાસાઓની તપાસ પર આધારિત હોવાનો દાવો કરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ગૂંગો કોણ છે ? જે જરૂર જણાય ત્યાં બોલતો નથી તે.

- અમોધવર્ષ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.શહેરેવર-૧૩૯૨, મુ. રજજબ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, મહા સુદ-૧૩ ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિ, શ્રી મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ-જેસલમેર (ત્રણ દિવસ) તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૧, પુનર્વસુ નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૩૯

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), રાત્રે ૨:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ: મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન: કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક: બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન: સંપત્તિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.



ડોકટરે આપણને સીંગતેલ ખાવાની મનાઈ કરી છે, પછી આપણે તેના ભાવ વધારાની ચિંતા શા માટે કરીએ?



આ સીંગતેલનો ભાવવધારો પ્રજાને કોલેસ્ટ્રોલથી મુકત કરી દેશે એ વાતની તો કોઈ નોંધ પણ નથી લેતું!

# જુનિયર ક્લાર્ક પરીક્ષાના લીક પેપરના જવાબ લખનારા ઓડિશાના શિક્ષકની કરાઈ ધરપકડ

અમદાવાદ, તા.૩

ગત રવિવારે રાજયમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયના વિવિધ કેન્દ્રો ઉપર નવ લાખથી વધુ ઉમેદવારો ભારે આશા સાથે પરીક્ષા આપવા માટે આવી પહોંચ્યા હતા અને ૧૧ વાગ્યે પરીક્ષા શરૂ થાય તે પહેલા જ પેપર લીક થવાને કારણે પરીક્ષા રદ્દ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત બાદ ઉમેદવારો, વાલીઓ સહિતના લોકોમાં રોષ વ્યાપી ગયો હતો. આ કેસમાં ગુજરાત એટીએસ અત્યારસુધીમાં ૧૬ શખ્સોની ધરપકડ કરી છે અને ગઈકાલે વધુ એક આરોપીને પકડવામાં આવ્યો હતો. આ આરોપીનું નામ સરોજ મલ્લા છે અને તે ઓડિશાના મલકાનગીરી જિલ્લામાં આવેલી કર્તનપલ્લી સરકારી હાઈસ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પેપલ લીક કેસમાં ગુજરાત એટીસીએસે ૧૭મી ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે, લીક થયેલા પ્રશ્નો માલુને મોકલવામાં આવ્યા હતા અને તેણે જવાબો લખી આપ્યા હતા. ગુજરાત પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રાથમિક માહિતીના આધારે, તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના પગલે શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી, તેમ મલકાનગીરીના એસપી નિકેશ વાધ્વાનીએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, જીપીએસએસબીએ (ગુજરાત પંચાયત સર્વિસ સિલેક્શન બોર્ડ) જણાવ્યું હતું કે, મળેલી બાતમીના આધારે પોલીસે રવિવારે એક શંકાસ્પદની અટકાયત કરી હતી અને પ્રશ્નપત્રની નકલ જપ્ત કરી હતી. આ દરમ્યાન પંચાયત વિભાગના કમિશ્નરે પત્રકારોને જણાવ્યું હતું કે, પરીક્ષા આગામી ૧૦૦ દિવસમાં લેવામાં આવશે. પેપર લીક કૌભાંડમાં અત્યારસુધીમાં ઘણા ખુલાસા થઈ ચૂક્યા છે, જે મુજબ પરીક્ષાની આગલી રાતે જ પેપર ફૂટી ગયું હતું. હૈદરાબાદના પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતાં શ્રદ્ધાકર ઉર્ફે જીત સહદેહ લુહાએ પેપર લીક કર્યું હતું. તેણે સાત લાખમાં હૈદરાબાદના પ્રદિપ નાયક સાથે સોદો કર્યો હતો અને ટુકડાટુકડામાં તેને અત્યારસુધીમાં ૭૨ હજાર મળ્યા હતા. પ્રશ્નપત્ર પ્રદિપના હાથમાં આવ્યા બાદ તેણે વોન્ટેડ મુરારી પાસવાન તેમજ નરેશ મોહંતી એક પેપર પાંચ લાખમાં આપવાનું નક્કી કર્યું હતું. મુરારી પાસવાને કમલેશ ભીખારીને પેપર છ લાખમાં, કમલેશે મહોમ્મદ ફિરોઝને સાત લાખમાં આપવાનું નક્કી કર્યું હતું. આ સિલસિલો યથાવત્ રહ્યો હતો. ફિરોઝે પેપર સર્વેશને આઠ લાખમાં, સર્વેશે પ્રભાત કુમાર, મુકેશ તેમજ મિન્ટુને નવ લાખમાં વેચવાનું નક્કી કર્યું હતું. તો મિન્ટુ ૧૦ લાખમાં વડોદરાના ભાસ્કર ચૌધરીને આપવાનો હતો. હાલ આરોપીઓ રિમાન્ડ ઉપર છે.

# હિન્ડનબર્ગ ઈફેક્ટ : અદાણીએ એશિયાના સૌથી મોટા ધનિકનો હોદ્દો ગુમાવ્યો, હવે ફરી અંબાણી

અમદાવાદ તા.૩

રિલાયન્સ કંપનીના માલિક મુકેશ અંબાણી ફરી એકવાર દેશના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. તેણે અદાણી ગ્રૂપના માલિક ગૌતમ અદાણીને સૌથી વધુ નેટવર્થની બાબતમાં પાછળ છોડી દીધા છે. ફોર્બ્સે આ માહિતી આપી છે. કેન્દ્રીય બજેટની જાહેરાત વચ્ચે મુકેશ અંબાણીએ વિશ્વના ટોપ-૧૦ ધનિકોની યાદીમાં ગૌતમ અદાણીને પાછળ છોડી દીધા છે. ગૌતમ અદાણીના શેરમાં ઘટાડાને કારણે તેમની નેટ વર્થ ઘટીને **$83.9** બિલિયન થઈ ગઈ છે. તે જ સમયે, મુકેશ અંબાણીએ હવે **$84.3** બિલિયનની નેટવર્થ સાથે ગૌતમ અદાણીને પાછળ છોડી દીધા છે. ફોર્બ્સની આ યાદીમાં અદાણી ૧૦માં નંબરે પહોંચી ગયા છે, જ્યારે અંબાણી ૯માં નંબરે છે. અગાઉ, અદાણીને ૨૪ કલાકની અંદર **$10** બિલિયનનું નુકસાન થયું હતું અને પછી તે ચોથા નંબરથી આઠમાં નંબરે સરકી ગયો હતો. ટોપ-૧૦ અમીરોની યાદીમાં પાછળ રહી ગયેલા અદાણી પણ એક દિવસમાં સૌથી વધુ સંપત્તિ ગુમાવનારા અબજોપતિઓની યાદીમાં સામેલ થઈ ગયા છે. **$20.8** બિલિયનના એક દિવસીય ઘટાડા પછી, તે એલોન મસ્ક, જેફ બેઝોસ અને માર્ક ઝકરબર્ગની રેન્કમાં જોડાઈ ગયો છે. એલોન મસ્ક એક દિવસમાં સૌથી વધુ **$35** બિલિયન, માર્ક ઝકરબર્ગ **$31** બિલિયન અને જેફ બેઝોસે **$20.5** બિલિયન ગુમાવ્યા. દુનિયાના અન્ય અમીર લોકોની વાત કરીએ તો ટોપ- ૧૦ અબજોપતિઓની યાદીમાં ૨૧૪ બિલિયન ડોલરની નેટવર્થ સાથે બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વમાં પ્રથમ અને એલોન મસ્ક ૧૭૮.૩ બિલિયન ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમે છે. જેફ બેઝોસ **$126.3** બિલિયનની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને છે. લેરી એલિસન **$111.9** બિલિયન સાથે ચોથા, વોરેન બફે **$108.5** બિલિયન સાથે પાંચમા, બિલ ગેટ્સ **$104.5** બિલિયન સાથે છઠ્ઠા સ્થાને છે. કાર્લોસ સ્લિમ હેલુ ૯૧.૭ અબજ ડોલરની સંપત્તિ સાથે અબજોપતિઓની યાદીમાં સાતમા સ્થાને છે. તેમાંથી લેરી પેજ ૮૫.૮ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના આઠમા સૌથી ધનિક વ્યક્તિ છે. તે જ સમયે, મુકેશ અંબાણી ફરી એકવાર ટોપ-૧૦ અમીરોની યાદીમાં મજબૂત રીતે પાછા ફર્યા છે. મુકેશ અંબાણી **$84.3** બિલિયનની નેટવર્થ સાથે ટોપ-૧૦ બિલિયોનેર્સની યાદીમાં નવમા સ્થાને છે. અદાણી હવે ૮૩.૯ બિલિયન ડોલર સાથે દસમા નંબરે છે. અમેરિકન રિસર્ચ ફર્મ હિન્ડનબર્ગે ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. જેમાં અદાણી ગ્રુપને લઈને ૮૮ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને લોન અંગેના દાવા પણ કરવામાં આવ્યા હતા. તેની અસર ગ્રુપ કંપનીઓના શેર ઉપર થઈ હતી. થોડી જ વારમાં ઘણી કંપનીઓના શેર તૂટ્યા. રોકાણકારોના સેન્ટિમેન્ટ ઉપર રિપોર્ટની અસરને કારણે અદાણીની કંપનીઓના બોન્ડ્સ અને શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# શિવસેના ઠાકરે જૂથે અદાણી મામલે સેબી દ્વારા તપાસની માંગ કરતા તેની સંસદમાં ચર્ચા કરવા માંગણી કરી

મુંબઈ તા.૩

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેના જૂથે સોમવારે અદાણી જૂથ દ્વારા કથિત સ્ટોક હેરાફેરી અને જૂથ કંપનીઓના શેરમાં **LIC** અને **SBI**ના ભંડોળના "ઓવર એક્સપોઝર" અંગે સેબી તપાસની માંગ કરી હતી. તેણે યુએસ સ્થિત શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના અહેવાલમાં અદાણી જૂથ સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ચર્ચાની પણ માંગ કરી હતી. જેમાં તેના ઉપર સ્ટોક મેનીપ્યુલેશન અને છેતરપિંડી જેવા અનેક ગેરરીતિઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. કંપનીએ આ આરોપોને ખોટા ગણાવીને ફગાવી દીધા છે. સંસદના બજેટ સત્રની પૂર્વસંધ્યાએ સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં, રાજયસભામાં શિવસેનાના નાયબ નેતા પ્રિયંકા ચતુર્વેદીએ રાજયપાલની ભૂમિકાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તેણીએ ચીન સાથેની ભારતની સરહદી અવરોધ અને સંસદ અને રાજય વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામતના મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. સંસદીય બાબતોના પ્રધાન દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપતા તેમણે મહારાષ્ટ્રમાં જાહેર કરાયેલા પ્રોજેક્ટ રાજયમાંથી છીનવી લેવામાં આવ્યા છે, રાજયને એમડીપી અને ડ્ર્ગ્સ પાર્ક જેવા સરકારી પ્રોજેક્ટ્સ પણ નકારવામાં આવ્યા છે અને મરાઠીને શાસ્ત્રીય ભાષા જાહેર કરવામાં આવે તે મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, એસબીઆઈ અને એલઆઈસીના ભાવો અને ઓવર એક્સપોઝર ઉપરના સ્ટોકના આરોપોમાં સેબીની તપાસ પૂર્ણ થવી જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. કાશ્મીરી પંડિતો અનેક દિવસોથી વિરોધ કરી રહ્યા છે અને ભારત સરકાર આંખ આડા કાન કરી રહી છે તેના ઉપર ગૃહમાં ચર્ચા કરવાની જરૂર છે અને એલએસી ઉપર ૨૬ પ્રતિબંધિત પેટ્રોલિંગ પોઈન્ટ છે તે મુદ્દા ઉપર ધ્યાન આપવું જોઈએ. સંઘીય લોકશાહીની ભાવનામાં રાજયપાલની ભૂમિકાની રાજનીતિ માટે ઘણા પક્ષો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને મહિલા આરક્ષણ અને સંસદના સત્રોમાં કાપ મૂકવો એ બીજો મહત્વનો મુદ્દો છે. કેટલાક વિપક્ષી પક્ષોએ સોમવારે સર્વપક્ષીય બેઠકમાં અદાણીનો મુદ્દો અને તેમના દ્વારા શાસિત કેટલાક રાજયોમાં રાજયપાલોના વર્તનનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સરકારે જણાવ્યું હતું કે તે નિયમો દ્વારા માન્ય દરેક મુદ્દા ઉપર ચર્ચા કરવા તૈયાર છે અને વિપક્ષનો સહકાર માંગ્યો હતો. બેરોજગારી, મોંઘવારી અને રાજયો સાથે મહેસૂલની વહેંચણીમાં કેન્દ્રના કથિત પૂર્વગ્રહ ઉપરાંત આ મુદ્દાઓ ઉઠાવવાના તેમના ઈરાદાને લઈને અનેક પ્રાદેશિક પક્ષો સંકેત આપી રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે સરકાર દરેક વિષય ઉપર ચર્ચા કરવા માટે હંમેશા સકારાત્મક રહી છે પરંતુ તે નિયમો હેઠળ અને અધ્યક્ષની પરવાનગી સાથે ચર્ચા કરવી જરૂરી છે.

# કેન્દ્રીય બજેટ ૨૦૨૩ : રેલવે માટે અત્યાર સુધીનો સૌથી વધુ મૂડી ખર્ચ રૂ.૨.૪ લાખ કરોડ ફાળવવામાં આવશે

નવી દિલ્હી તા.૩

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં રેલવે માટે મૂડી ખર્ચ અત્યાર સુધીનું સૌથી વધુ ૨.૪૦ લાખ કરોડ રૂપિયા સુધી વધારી દેવામાં આવ્યું છે. લોકસભામાં બજેટ રજૂ કરતાં સીતારમણે કહ્યું કે, રેલવે માટેનો ખર્ચ ૨૦૧૩-૨૦૧૪માં આપવામાં આવેલી રકમ કરતાં નવ ગણો છે. તેણીએ જણાવ્યું હતું કે, કોલસા, ખાતર અને ખાદ્યાન્ન ક્ષેત્રો માટે છેલ્લા અને પ્રથમ માઈલ કનેક્ટિવિટી માટે ૧૦૦ મહત્ત્વપૂર્ણ પરિવહન માળખાકીય પ્રોજેક્ટ્સ નક્કી કરવામાં આવ્યા છે અને ખાનગી સ્ત્રોતોમાંથી રૂ.૧૫,૦૦૦ કરોડ સહિત રૂ.૭૫,૦૦૦ કરોડના રોકાણ સાથે તે પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવામાં આવશે. મુસાફરોની વધતી અપેક્ષાઓ સાથે રેલવે રાજધાની, શતાબ્દી, દુરંતો, હમસફર અને તેજસ જેવી પ્રીમિયર ટ્રેનોના ૧૦૦૦થી વધુ કોચના નવીનીકરણ કરવાની યોજના બનાવી રહી છે. આ કોચના આંતરિક ભાગોને આધુનિક દેખાવ અને મુસાફરોની આરામ માટે તેમ સુવિધા સુધારવામાં આવશે. જૂના ટ્રેકને બદલવા માટે નોંધપાત્ર ફાળવણી કરવામાં આવે તેવી શક્યતા છે કારણ કે, રેલવે વધુ ગંતવ્યોમાં ટ્રેનોને ઝડપી બનાવવા અને વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાની યોજના ધરાવે છે. પ્રવાસીઓને આકર્ષવાના ઉદ્દેશ્યથી, રેલવે ૧૦૦ વધુ વિસ્ટાડોમ કોચ બનાવવાની દરખાસ્ત કરી રહી છે. આ બજેટમાં સરકારે ૩૫ હાઈડ્રોજન ઈંધણ આધારિત ટ્રેનો, સાઈડ એન્ટ્રી સાથે ૪૫૦૦ નવી ડિઝાઈનવાળા ઓટો મોબાઈલ કેરિયર કોચ, ૫૦૦૦ **LHB** કોચ અને ૫૮,૦૦૦ વેગન બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૨૦૨૨-૨૩ના કેન્દ્રીય બજેટમાં રેલવેને રૂ.૧.૪ લાખ-કરોડ ફાળવવામાં આવ્યા હતા, જેમાંથી રૂ.૧.૩૭ લાખ-કરોડ મૂડી ખર્ચ માટે અને રૂ.૩૨૬૭ લાખ-કરોડ મહેસૂલ ખર્ચ માટે ફાળવવામાં આવ્યા હતા.

# સ્વ-નિયમનકારી સંસ્થાએ ઈલેક્ટ્રોનિક, ડિજિટલ મીડિયા માટે દ્વેષપૂર્ણ ભાષણ અંગે માર્ગદર્શિકા રજૂ કરી

નવી દિલ્હી તા.૩

ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી **(NBDSA)**એ સોમવાર, ૩૦ જાન્યુઆરીએ દ્વેષયુક્ત ભાષણ અટકાવવા માટેની માર્ગદર્શિકા જારી કરી હતી. સુપ્રીમ કોર્ટની જસ્ટિસ કે.એમ. જોસેફ અને બી.વી. નાગરથનાની બનેલી બેંચ દ્વારા અપ્રિય ભાષણના આરોપો સાથે સંકળાયેલા કેસોની બેચની સુનાવણી કરતી વખતે, સ્વતંત્ર પ્રસારણ સ્વ-નિયમનકારી સંસ્થાને દ્વેષપૂર્ણ ભાષણ માટે એન્કર સામે લેવાયેલી કાર્યવાહી વિશે પૂછ્યું હતું. સંજોગોવશાત્, **NBDSA** તમામ સમાચાર અને ડિજિટલ ચેનલોના લગભગ ૮૦%ને આવરી લે છે. ઓથોરિટીની સ્થાપના ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન **(NBA)** દ્વારા ૧૪ વર્ષ પહેલાં ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડ ઓથોરિટી **(NBSA)** તરીકે કરવામાં આવી હતી. બાદમાં તેનું નામ બદલીને **NBDSA** કરવામાં આવ્યું હતું. આ નવી માર્ગદર્શિકા સુદર્શન ટીવી, રિપબ્લિક ટીવીને આવરી લેતી નથી અને એ નોંધવું પણ યોગ્ય છે કે **NBDSA** દ્વારા બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા બે મુખ્ય ચેનલોને આવરી લેતી નથી. સુદર્શન ટીવી અને રિપબ્લિક ટીવી, જે થોડા વર્ષો પહેલા **NBA**માંથી બહાર નીકળી ગઈ હતી. આ માર્ગદર્શિકા જણાવે છે કે **NBDSA**ને સમાચાર કાર્યક્રમોમાં અપમાનજનક, ઉગ્રવાદી, વિભાજનકારી, નુકસાનકારક ભાષા અને રેટરિકના ઉપયોગને લગતી ઘણી ફરિયાદો પ્રાપ્ત થઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારનો ઉપયોગ, વ્યક્તિઓ અથવા જૂથો અથવા સમુદાયોને તેમના ધર્મ, લિંગ, જાતિ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ અને/અથવા લૈંગિક અભિગમના આધારે લક્ષ્ય બનાવે છે અને તેમના આંતરિક ગૌરવ અને સમાનતાને અસર કરે છે અને સામાન્ય રીતે સામાજિક સંવાદિતાને ખલેલ પહોંચાડે છે. **NBDSA**એ જણાવ્યું હતું કે તે માને છે કે મીડિયા દ્વારા આવી અભિવ્યક્તિનો પ્રસાર દેશના સામાજિક માળખા ઉપર ઘાતક અસર કરે છે અને ભારતના બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કરે છે. તેથી, અપ્રિય ભાષણના નિવારણ માટે માર્ગદર્શિકા જરૂરી બની ગઈ છે, અને સભ્યોએ કોઈપણ સમાચાર આઈટમનું પ્રસારણ અને/અથવા પ્રકાશિત કરતા પહેલા તેનું ધ્યાનમાં રાખવું જોઈએ. આ માર્ગદર્શિકાઓ સમુદાયના સભ્યોને બાકાત, બહિષ્કાર અથવા અલગ રાખવાની હિમાયત કરતી તિરસ્કાર, અણગમો અથવા બરતરફીની અભિવ્યક્તિનો ઉપયોગ કરવા સામે પણ ચેતવણી આપે છે. **NBDSA**એ એ પણ નોંધ્યું છે કે કોઈપણ કાર્યક્રમ માટે માત્ર અસ્વીકરણ પ્રસારિત કરવાથી સંપાદકો, એન્કર, પત્રકારો અથવા અન્ય સંપાદકીય કર્મચારીઓને નીતિશાસ્ત્ર અને પ્રસારણ ધોરણો અને માર્ગદર્શિકાના ઉલ્લંઘનના કિસ્સામાં જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવશે નહીં. તેણે એ પણ નોંધ્યું છે કે તે આ માર્ગદર્શિકાઓના પાલન ઉપર નજર રાખશે. ભૂતકાળમાં, **NBDSA**એ ૧૧ નવેમ્બર, ૨૦૨૨ના રોજ દ્વેષયુક્ત ભાષણ ઉપર સલાહ અને ૨૮ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ચર્ચા સહિતના કાર્યક્રમોનું સંચાલન કરતા એન્કર માટે વિશિષ્ટ માર્ગદર્શિકા પણ જારી કરી હતી. **NBDSA** કાઉન્સેલ નિશા ભંભાણીએ કહ્યું કે, ઓથોરિટીના ઘણા નિર્દેશો, જે તમામ તેની સાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યા છે તે સાંપ્રદાયિકતા સંબંધિત છે જે અપ્રિય ભાષણની મર્યાદા દર્શાવે છે. અર્ધ-કાનૂની સંસ્થા તરીકે, ઓથોરિટી દ્વારા કરવામાં આવેલા કામ અંગે તેણીએ કહ્યું કે, અમારી પાસે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશો અથવા મુખ્ય ન્યાયાધીશોની મહત્તમ સંખ્યા છે. ચીફ જસ્ટિસ જે.એસ. વર્મા, જસ્ટિસ આર.વી. રવીન્દ્રન અને જસ્ટિસ એ.કે. સિકરી જેવા **NBSA**ના વડા તરીકે સેવા આપે છે. ઉપરાંત, લગભગ ૪,૦૦૦ ફરિયાદો આવી છે જેનો નિકાલ કરવામાં આવ્યો છે. **NBDSA**એ પ્રિન્ટ મીડિયા માટે પ્રેસ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા જેવી જ ભૂમિકા ભજવી છે, પણ તેને કેન્દ્ર સરકાર દ્વારા સમાન સત્તાઓ આપવામાં આવી નથી. આ સંસ્થાની રચના ૨૦૦૮માં કરવામાં આવી હતી. અમે હંમેશા ભારતીય સંઘને કહ્યું છે કે જો તમે અમારા કોર્ટના ન્યાયને માન્યતા આપો છો, તો અમારી પાસે તમામ ચેનલો ઉપર અધિકારક્ષેત્ર હોવો જોઈએ. ભંભાણીએ કહ્યું કે **NBDSA**એ તેની આ સમસ્યા સુપ્રીમ કોર્ટને સમજાવી છે કે દરેક જણ અમારા સભ્ય નથી. સુદર્શન અને રિપબ્લિક બંને અમારા સભ્ય નથી. તેણીએ ઉમેર્યું હતું કે મોટાભાગે, રિપબ્લિક અથવા સુદર્શન જોયા પછી, **NBDA**ને એ સમજ્યા વિના દોષી ઠેરવવામાં આવે છે કે તેઓ હવે અમારા સભ્યો નથી. તેથી જ અમે અમારી કોર્ટને માન્યતા આપવાની માંગ કરી હતી. વરિષ્ઠ વકીલ અરવિંદ દાતારે ધ્યાન દોર્યું હતું કે **NBSA**એ કેટલીક ન્યૂઝ ચેનલો ઉપર તેની માર્ગદર્શિકાનો ભંગ કરતી સામગ્રી માટે ૧ લાખ રૂપિયાનો મહત્તમ દંડ પણ ફટકાર્યો હતો અને અન્ય તમામ ચેનલોએ માફી માંગી હતી અને દંડ ચૂકવ્યો હતો, ત્યારે રિપબ્લિક ટીવીએ તેનો ઈનકાર કર્યો હતો. રિપબ્લિક ટીવી ત્યારબાદ નેશનલ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન (એનબીએ)માંથી બહાર નીકળી ગયુંહતું અને તેનું પોતાનું સંગઠન નેશનલ બ્રોડકાસ્ટર્સ ફેડરેશન બનાવ્યું હતું.

# કરવેરા વિભાગને વ્હોટ્સએપથી નોટિસ આપવાની સત્તા માત્ર કોવિડના સમયે જ હતી, હવે નથી : હાઈકોર્ટની મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા

**GST વિભાગે એક કરદાતાને વ્હોટ્સએપથી નોટિસ આપીને રજિસ્ટ્રેશન રદ કરી દીધું હતું, તેની સામે હાઈકોર્ટમાં થયેલી રિટ અરજીમાં હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો, આવી રાહત માત્ર કોવિડના સમય પૂરતી જ હતી અને વ્હોટ્સએપ ઉપરાંત ઈ-મેઈલ અને પોસ્ટ વિભાગ દ્વારા પણ મોકલવાની જોગવાઈ હતી**

અમદાવાદ, તા.૩

ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે, કરવેરા વિભાગો દ્વારા વ્હોટ્સએપ, ટેલિગ્રામ અને સિગ્નલ જેવી મેસેજિંગ સેવાઓ દ્વારા નોટિસ જારી કરવાની બાબત સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ માત્ર કોવિડ સમય પૂરતી જ પ્રચલિત હતી. નોટિસની આવી સેવા સ્પીડ પોસ્ટ અને રજિસ્ટર્ડ **A.D.** પોસ્ટ સહિતની ટપાલ સેવાઓના ઈ-મેઈલ અને નિયમિત મોડ ઉપરાંતની હતી. આથી માત્ર વ્હોટ્સએપના માધ્યમથી નોટિસ આપી શકાય નહીં. ઉપરોક્ત નોંધ કરીને જસ્ટિસ સોનિયા ગોકાણી અને સંદીપ એન. ભટ્ટની ખંડપીઠે **GST** વિભાગના શહેર એકમના અધિકારી દ્વારા એક પેઢીની **GST** નોંધણી રદ કરવાના નિર્ણયને રદ બાતલ કર્યો હતો કારણ કે, આ નોટિસ બાદ જીએસટી રજિસ્ટ્રેશન રદ કરવાનો નિર્ણય તેમને સાંભળ્યા વગર જ લેવામાં આવ્યો હોવાથી રદ કરાયો હતો. કોર્ટે જીએસટી ડિપાર્ટમેન્ટને ફર્મ દ્વારા તેમજ **RPAD** દ્વારા પૂરી પાડવામાં આવેલ સત્તાવાર ઈ-મેઈલ આઈડી ઉપર નોટિસ ફરીથી જારી કરવા અને અરજદારને સુનાવણીની વાજબી તક પૂરી પાડ્યા બાદ નિર્ણય લેવા માટે આદેશ કર્યો હતો. અરજદાર નેહા એન્ટરપ્રાઈઝની નોંધણી વિભાગ દ્વારા ગયા વર્ષે ૨૨ મેના રોજ સુનાવણીની તક આપ્યા વિના રદ કરવામાં આવી હતી. તેના વકીલે રજૂઆત કરી હતી કે વિભાગે પેઢીના માલિકના વ્હોટ્સએપ નંબર ઉપર નોટિસ આપી હતી અને તેમાં કોની સમક્ષ અને કયા સમયે અને કયા સ્થળે હાજર રહેવાની જરૂર છે તે નોટિસ જારી કરનાર વ્યક્તિના નામ અને હોદ્દાનો ઉલ્લેખ કર્યો નથી. આ પ્રકારની નોટિસ જારી કરવી કાયદા મુજબ અમાન્ય છે. જો કે, વિભાગે એવો બચાવ કર્યો હતો કે અધિકારીઓ દ્વારા પેઢીના સરનામા ઉપર તપાસ કરવામાં આવી હતી ત્યારે પેઢી બંધ હતી અને તેનું કોઈ કામકાજ થતું હોય તેવું જણાયું નહોતું. આ ઉપરાંત પેઢી દ્વારા રૂ.૧૪.૯૮ કરોડના બોગસ બિલિંગ ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું હોવાથી નોટિસ જારી કરાઈ હતી. આ ઉપરાંત પોસ્ટ વિભાગ દ્વારા પણ નોટિસ જારી કરાઈ હતી. બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે નોંધ્યું હતું કે, વિભાગ દ્વારા માત્ર કોઈપણ કારણ જણાવ્યા વગરની એક લાઈનની નોટિસ આપવામાં આવી હતી. ટેક્નિકલ ખામીને કારણે નોટિસ અપલોડ કરી



શકાતી નથી તેવી દલીલ પણ કોર્ટે સ્વીકારી ન હતી. આખરે કોર્ટે આ સંજોગો જોઈને નોટિસ રદ કરી હતી. વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦માં કોવિડના સમય દરમ્યાન કોર્ટ તથા સરકારી વિભાગની કામગીરી વિષે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ વ્હોટ્સએપથી નોટીસ આપી શકાય છે. આ ચુકાદા બાબતે સ્પષ્ટતા કરતા કોર્ટે જણાવ્યું હતું કે, વ્હોટ્સએપ, ટેલિગ્રામ અને સિગ્નલના માધ્યમથી નોટીસ આપવાની સ્વતંત્રતા માત્ર કોવિડના સમય દરમ્યાન જ હતી. આ ચુકાદા મુજબ મેસેજિંગ સર્વિસથી નોટિસ આપવામાં આવે ત્યારે તે જ દિવસે ઈ-મેઈલ કરવો પણ જરૂરી હતો. એટલું જ નહીં યોગ્ય સમયે પોસ્ટથી પણ નોટિસ મોકલવાની જોગવાઈ હતી.

# લોઢવા ગામે આહીર સમાજના ચતુર્થ સમુહલગ્ન સંપન્ન થયા

## ૧૭ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા, તાલાળાના ધારાસભ્ય સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહયા



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૩

સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે છેલ્લા ચાર વર્ષથી લોઢવા આહીર સમાજ દ્વારા સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે પણ ચોથા સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમુહલગ્નમાં આ વર્ષે ૧૭ નવદંપત્તિઓએ પોતાના જીવનની નવી કેડી કંદારીને પ્રભુતામાં પગલા માંડયા હતા.

સમાજની કોઈ ગરીબ માણસની દિકરીને લગ્ન કરવા માટે હાલ મોંઘવારીના સમયમાં તેના પિતાએ બોજો ન કરવો પડે અને સમુહલગ્નમાં જોડાઈને લગ્નમાં થતા ખર્ચામાં બચત કરીને શિક્ષણ તથા સમાજ નાના માણસો માટે કંઈ કરી શકીએ અને સમાજ હાલના સમયે ચાલી શકે તેવા ભાવથી આ સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ સમુહલગ્નમાં સમસ્ત લોઢવા ગામના તમામ પરિવાર યથાશક્તિ યોગદાન આપે છે. આ સમુહલગ્ન પ્રસંગે તાલાળા મતવિસ્તારના ધારાસભ્ય અને આહિર સમાજના આગેવાન ભગવાનભાઈ બારડ પણ ઉપસ્થિત રહયા હતા અને તેમના પરિવારના મોભી શહીદ ધાનાભાઈ માંડાભાઈ બારડ પરિવાર આ સમુહલગ્નના ભોજનના મુખ્ય દાતા તરીકે રૂા.૨,૫૧,૦૦૦ નું દાન આપેલ હતું. આ સમુહલગ્નમાં વેરાવળ તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકી, ગીર સોમનાથ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પટાટ, ગુજરાત આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ જગમાલભાઈ વાળા, વેરાવળ નગરપાલિકાના સભ્ય બાદલભાઈ હુંબલ, ભાલકેશ્વર રીસોર્ટવાળા ભગવાનભાઈ સોલંકી, સુત્રાપાડા તાલુકા પંચાયતના માજી પ્રમુખ રામભાઈ વાઢેર તેમજ આજુબાજુના ગામના અગ્રણી સરપંચો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા અને નવદંપત્તિને આશીર્વાદ પાઠવ્યા હતા.

સમુહલગ્નના પટાંગણમાં ૭૪માં પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી રાષ્ટ્રીય ગાનના સંગીતથી ઉજવણી કરવામાં આવી હતી. આ સમુહલગ્નમાં તમામ દિકરીઓને કરીયાવર પણ સમિતિ દ્વારા આપવામાં આવેલ હતું. તેમજ લગ્નના સ્થળ ઉપરજ લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. સરકારશ્રીની યોજના કુંવરબાઈનું મામેરૂં તથા સપ્તપદીના ફોર્મ પણ ભરીને દરેક દિકરીઓને તેનો લાભ મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ હતું. આ સમુહલગ્નના કાર્યક્રમને સફળ બનાવવા માટે લોઢવા આહીર સમાજ સમુહલગ્ન સમિતિ તથા ગામ લોકો તથા કનકેશ્વર મંડળ દ્વારા ૧૫ દિવસ સતત મહેનત કરી હતી અને સમુહલગ્ન સફળ બનાવવા લોઢવા ગામના આહીર સમાજના તમામ લોકોએ સહયોગ આપેલ હતો.

સમુહલગ્ન સમિતિના પ્રમુખ મેરૂભાઈ વાળા તથા તેમની ટીમ લોઢવા ગ્રામ પંચાયતના સરપંચ હીરાભાઈ વાઢેર, જીલ્લા પંચાયતના સભ્ય જાદવભાઈ ભોળા, માજી સરપંચ ગોવિંદભાઈ ભોળા, આહીર અગ્રણી સામતભાઈ ભોળા, ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયતના સભ્યોએ આ સમુહલગ્નમાં જોડાયેલ તમામ નવદંપત્તિઓનો તથા પધારેલ તમામ મહેમાનો તથા ગ્રામજનોનો આભાર માનેલ હતો.

# રાજયભરમાં વ્યાજખોરો વિરૂધ્ધ ડ્રાઈવ યોજવા બદલ રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવતા અશ્વિન મણીયાર

જૂનાગઢ તા. ૩

જૂનાગઢના એડવોકેટ એન્ડ નોટરી અશ્વિન મણીયારે ગુજરાત રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીને તેમના જન્મદિવસ નિમિત્તે ગુજરાતની પ્રજાને સલામત, શાંત અને સુખી જીવન મળે તે માટે વ્યાજખોરો સામેની ઝુંબેશ ૩૧ તારીખ સુધી ડ્રાઈવ તરીકે યોજાયેલ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યકત કરી છે.

વધુમાં જણાવેલ છે કે, ૩૧મી જાન્યુઆરી સુધીમાં પિડીત લોકોએ વ્યાજખોરો સામે ફરીયાદો દાખલ કરી છે અને વ્યાજખોરો સામે ફફડાટની લાગણી તથા પિડીતોને થોડી સાંત્વના મળી છે પરંતુ જે થયું છે તે દરીયામાં તરતા બરફના પહાડ જેવું છે. ફકત તેની ટોંચ દેખાય છે. આખો પહાડ નીચે છે. મારી દ્રષ્ટીએ ૨ થી ૫ ટકા લોકો જ બહાર આવ્યા છે અને ફરીયાદ કરવાની હિંમત કરી છે તે બદલ આપને તથા ફરીયાદીઓને અને પોલીસ તંત્રને અભિનંદન આપું છું. હજુ ૯૫ ટકા વ્યાજ પિડીતો બહાર આવ્યા નથી માટે ઘણા બધા તથ્યો સમજવાની જરૂર છે અને આ માટે વ્યક્તિગત વિચારો રજુ કરૂં છું.

પોલીસ તંત્રમાં જુના અનુભવી અને નવા ભરતી થયેલા તેમજ પ્રમોશન પામેલા અધિકારીઓ કામ કરતા હોય છે. જુના અને પીઢ અધિકારીઓ પ્રજા સાથે સુમેળ ભરેલું વાતાવરણ રાખી અને ગુનાખોરી અટકાવતા હોય છે. તાજેતરમાં જૂનાગઢથી બદલી પામેલા એક અધિકારીને કારણે ઘણાં લોકોને વ્યાજખોરોથી તેમજ ઘણાં ગુનાઓમાં રાહત મળેલ હતી. આવા અધિકારીઓને હજુ પણ લોકો યાદ કરે છે. નવા અધિકારીઓ દેશદાઝ વાળા, પ્રમાણિક અને ખંતીલા હોય છે પરંતુ તેઓ સિસ્ટમનો શિકાર બની અને સાક્ષી ભાવે કામ કરવા માંડે છે. પોલીસ તંત્ર ધારે તો તેમના મોરલને ઉંચો લઈ આવવા માટે જો આપના જેવા આગેવાનો બહાર આવે તો ડ્રગ્સ, જુગાર, વ્યાજખોરો તથા બુટલેગરોને પણ નાથી શકાય તેમ છે.

ઝડપથી અને ઓછી મહેનતે પૈસાદાર થવાની દોટને કારણે ઘણા વેપારીઓ અને યુવાનો આ બદીમાં સંડોવાયેલા છે તેવું લોકમુખે ચર્ચાય છે. વ્યાજખોરો કોરા ચેકો તારીખ કે રકમ લખ્યા વિના લઈ લેતા હોય છે જેથી કોર્ટ કેસનો ભય બતાવી ઉપરાંત આખો દિવસમાં અસંખ્ય ટેલીફોનીક ઉઘરાણી અને અન્ય રીતે ટોર્ચરીંગ કરતા હોય છે. તેઓ ચોકકસ જુથ ધરાવતા અમુક માણસો હોય છે જેથી તેના ડરથી પણ લોકો ફરીયાદ કરતા નથી અને ભયના ઓથાર નીચે જીવતા હોય છે. વ્યાજખોરોનો આ ધીકતો ધંધો ગુજરાતના બજેટ કરતા પણ વધુ છે.

સહકાર ખાતામાં જેમ ખાટલે મોટી ખોટ હોય તેમ જીલ્લાકક્ષાના ઈન્સ્પેકટરોની પોસ્ટ ૯૦ ટકા જેટલી ખાલી છે. સાહુકાર ધારાના ધિરાણ લાયસન્સ આપ્યા પછી ઈન્સ્પેકટરો વિના લાયસન્સે ધંધો કરતા લોકો સામે પણ પગલા ભરી શકે તેવી જોગવાઈ છે પરંતુ બધુ ઈન્ચાર્જમાં ચાલતું હોય, પોલીસ અને સહકારી તંત્ર જો સાથે મળીને કામ કરે તો હજુ પણ અસરકારક રીતે કામગીરી થઈ શકે તેમ છે અને વ્યાજખોરીમાં શૂન્ય ટોલરન્સની નીતિ ગુજરાત સરકાર અપનાવી શકે તેમ છે અને લોક કલ્યાણ માટેના આ યજ્ઞને લોક રાહત તરીકે પ્રજાને સલામતી અને સુખાકારી તરફ લઈ જશે તેવું મારૂં માનવું છે. આ ઉપરાંત જૂનાગઢની પ્રજાની સલામતી માટે સીસીટીવી કેમેરાની જોગવાઈઓ આગામી બજેટમાં કરી જૂનાગઢને વહેલામાં વહેલી તકે સીસીટીવી કેમેરા મળે અને જૂનાગઢ સલામત બને તે માટે પણ વિનંતી કરી છે.

# માણાવદરઃ શાપુર-સરાડીયા રેલ્વે લાઈન ચાલુ કરાવવા વેપારી સંગઠનની બેઠક મળશે

માણાવદર તા. ૩

માણાવદર તાલુકામાં નવાબના વખતની પ્રાચીન એવી શાપુર-સરાડીયા રેલ્વેલાઈન હતી. એક વખતના માનચેસ્ટર ગણાતા માણાવદરમાં કપાસ ક્ષેત્રે વિદેશમાં મોટી નામના ધરાવતું હતું. તે વખતે આ રેલ્વેમાં તમામ માલ-સામાન તથા રૂની ગાંસડીની પણ નિકાસ થતી હતી. વેપાર ઉદ્યોગ ક્ષેત્રે રેલ્વેનું અનોખું યોગદાન રહયું હતું પરંતુ ૧૯૮૩ના શાપુર જળ હોનારતમાં આ રેલ્વેલાઈનનું ધોવાણ થયેલ અને જે તે વખતે એકપણ આગેવાનોએ ધ્યાન ન આપતા આ રેલ્વેલાઈન બંધ થઈ હતી અને અધુરામાં પુરૂં રેલ્વેના સમુળગવા પાટાજ કાઢી નખાયા હતા. આ શાપુર-સરાડીયા રેલ્વેલાઈન શરૂ કરવા રાકેશભાઈ લખલાણી અને સાથીઓએ શરૂઆત કરી છે ત્યારે તેને ઠેર-ઠેર શહેરોમાંથી ટેકો મળી રહયો છે. આ સંદર્ભે માણાવદરમાં આવતીકાલે તા.૪-૨-૨૩ નારોજ સમગ્ર વેપારી સંગઠનો તથા આમ નાગરીકોની મીટીંગ રાત્રે ૯ કલાકે લોહાણા સમાજ, સટ્ટાબજાર માણાવદર ખાતે રાખેલ છે. જેમાં માણાવદરના તમામ લોકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# માંગરોળ અને માળિયા હાટીના તાલુકામાં મનરેગા યોજના હેઠળ ચાલતા કામની સમીક્ષા કરતા સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર





જૂનાગઢ,તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળિયા હાટીના તાલુકામાં મનરેગા યોજના હેઠળ પ્રગતિમાં રહેલા વિવિધ કામોની ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના સ્ટેટ પ્રોગ્રામ ઓફિસરશ્રી તેમજ તેમની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

રાજય સરકારના ગ્રામ વિકાસ વિભાગની ફ્લેગશીપ યોજના મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામીણ, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) જેવી વિવિધ યોજના અંતર્ગતના પ્રગતિ હેઠળના કામો તેમજ પૂર્ણ કામોની રાજય કક્ષાએથી સમયાંતરે જિલ્લા તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ થયેલ કામોની સમીક્ષા કરવામાં આવતી હોય છે. જે અન્વયે ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરથી સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર મનરેગા તેમજ તેમની ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લાના માંગરોળ તેમજ માળીયા હાટીના તાલુકામાં મનરેગા યોજના અંતર્ગતના પ્રગતિ હેઠળના તથા પૂર્ણ થયેલ કામો જેવા કે કાચા રસ્તા, ભૂગર્ભટાકા, સીસી રોડ, તથા કેનાલ સાફ-સફાઈના કામની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત અન્વયે સરકારની વિવિધ યોજનાનું અસરકારક રીતે અમલીકરણ થાય અને યોજનાનો લાભ ગ્રામ્ય વિસ્તારમાં વસતા છેવાડાના માનવી સુધી પહોંચે તથા યોજના થકી લોકોની સુખાકારીમાં વધારો થાય જીવન ધોરણ આવે એ માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

વિશેષમાં જિલ્લાના તમામ તાલુકાઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની દ્વારા અમલીકરણ થતા મનરેગા પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, મિશન મંગલમ સહિતની સૂચના યોજનાનું સુચારૂ અમલીકરણ થાય તે હતું થી એક દિવસીય વર્કશોપનું તાલુકા કક્ષાએ આયોજન કરવામાં આવેલ હતું.

# કોડીનારનાં પેઢવાડા ગામે પ્રખ્યાત રગતિયા બાપાનાં મંદિરમાંથી દાન પેટી ઉઠાવી તસ્કરો ફરાર




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩

કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે આવેલ પ્રખ્યાત રગતિયાબાપાનું પૌરાણિક નાગદેવતાનું મંદિર આવેલું છે. આ મંદિરમાં તાલુકાના તેમજ આસપાસનાં લોકો ભારે શ્રદ્ધા ધરાવે છે તેમજ અહીંયા ખીચડી પ્રસાદની માનતા પણ માને છે. અહી લોકો મોટી સંખ્યામાં શ્રદ્ધા ધરાવે છે ત્યારે આ મંદિરમાંથી કોઈ તસ્કરો દ્વારા દાન પેટીની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે મંદિર મધ્યે લાગેલા સી.સી.ટી.વીની તપાસ કરતા બે બુકાની ધારી તસ્કરો એ આખે આખી દાન પેટી ઉઠાવી લઈ જતા ધર્મ પ્રેમી જનતામાં ભારે રોષ ફેલાયો છે.

આ અંગેની વિગત મુજબ પેઢાવાડા ગામે આવેલ રગતીયા બાપાનાં મંદિરમાંથી બે બુકાનીધારી તસ્કરોએ રાત્રે ૨ વાગ્યે આસપાસ મંદિર માં પ્રવેશી આખે આખી દાન પેટી આરામથી ઉઠાવીને લઈ જતા આ સમગ્ર ઘટના મંદિરનાં સી.સી.ટી.વી.માં કેદ થઈ જતાં પોલીસે સી.સી.ટી.વી.ફૂટેજનાં આધારે તસ્કરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જૂનાગઢ ડો. સુભાષ યુનિવર્સિટીના વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કક્ષાની 'યંગ મોડો' સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો




જૂનાગઢ, તા.૩


જૂનાગઢની ડો. સુભાષ યુનિવર્સિટી દ્વારા સંચાલિત વિવિધ સંસ્થાઓ શિક્ષણ ક્ષેત્રે તો પ્રખ્યાત છે જ પરંતુ સામાજિક કાર્યો અને રમતગમત ક્ષેત્રે પણ અવાર નવાર ઝળકે છે. જે અંતર્ગત ડો.સુભાષ નર્સિંગ ઈન્સ્ટિટયૂટમાં બીએસસી નર્સિંગમાં તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દર્શન દિનેશભાઈ ચોથાણીએ તાજેતરમાં નાંદેડમાં તારીખ ૨૮ થી ૩૦ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની યંગ મોડો સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને સિલ્વર મેડલ મેળવી ડો.સુભાષ યુનિવર્સિટીઅને જૂનાગઢનું નામ રોશન કર્યું હતું. 'યંગ મોડો' એક કરાટે અને જોડોનું મિશ્રણ ધરાવતી માર્શલ આર્ટ છે. દર્શન દિનેશભાઈ ચોથાણી કરાટેમાં દ્વિતીય ડિગ્રી સિલ્વર બેલ્ટ ધરાવે છે. ગત વર્ષ ૨૦૨૨માં પણ યોજાયેલ "યંગ મોડો" સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને બ્રોન્ચ મેડલ મેળવ્યું હતું. દર્શન દિનેશભાઈ ચોથાણીની આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ જવારભાઈ ચાવડા અને ડો. સુભાષ એજયુકેશન કેમ્પસના સમગ્ર કર્મચારીઓએ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા બજેટને આવકાર

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

સર્વોદયના લક્ષ્ય સાથે ગઈકાલે બુધવારે દેશના નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા અમૃતકાળનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટને વિકાસલક્ષી અને દેશના સર્વાંગી વિકાસ માટેના આયોજનને ધ્યાનમાં લઈને રજૂ કરવામાં આવેલું હોવા અંગેના પ્રતિભાવ વ્યક્ત કરી રાજયના વન અને પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ આ બજેટને આવકાર સાથે બિરદાવ્યું છે. ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે વૈશ્વિક મંદીમાં હાલ અનેક મોટા અને વિકસિત દેશો પરેશાન છે, ત્યારે દેશનું આગામી બજેટ સર્વોદયના લક્ષ્ય સાથે નિશ્ચિત પણે દેશને વિકાસની ગાડી ઉપર પુરપાટ લઈ જશે. દેશ માટે સંરક્ષણની રેકોર્ડરૂપ રકમની જોગવાઈ સાથે ખેડૂત અને મધ્યમ વર્ગ માટે આ બજેટ આશીર્વાદ રૂપ બની રહેશે. સાથે સાથે વેપારીઓ તથા નાના ઔદ્યોગિક એકમો માટે આ બજેટની જોગવાઈઓ મહત્વની સાબિત થશે. આટલું જ નહીં, આમ જનતા માટે ટેક્સના નવા સ્લેબથી અનેક લોકોને ફાયદો થશે. આમ, એકંદરે દેશનું આગામી બજેટ અર્થતંત્રને વધુ મજબૂત કરનારૂ બની રહેશે તેવા આશાવાદ સાથે



રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ આ બજેટને આવકાર્યું છે.

# આજે વિશ્વકર્મા જયંતી

આજે મહા સુદ તેરસને શુક્રવારે તા.૩-૨-૨૦૨૩ના દિવસે વિશ્વકર્મા જયંતી છે. વિશ્વકર્મા દાદાએ સોનાની લંકા તથા દ્વારકા નગરીનું નિર્માણ પણ વિશ્વકર્મા દાદા કરેલું. ભગવાન વિશ્વકર્માએ દેવતાઓ તથા લોકો માટે ભવનો અને મંદિરો બનાવ્યા હતા. આ દિવસે વિશ્વકમાની પૂજા તમામ કલાકારો, કારીગરો અને કુંટુબો દ્વારા કરવી શુભ અને ઉત્તમ છે અને વિશ્વકર્મા જયંતીના દિવસે વિશ્વકર્મા દાદાની પૂજા કરવાથી ઘરમાં તથા વ્યાપારમાં સુદ-સમૃદ્ધિ આવે છે. વિશ્વકર્માની વિધિપૂર્વક પૂજા કરવાથી ઘર અને દુકાનમાં સુખ અને સમૃદ્ધિ મળે છે. આ દિવસે તમારા કાર્યમાં વપરાયેલા મશીનો પૂજા કરવાથી બરકત આવે છે. ત્યારબાદ ભગવાન વિષ્ણુની સાથે વિશ્વકર્માજીની પ્રતિમાનું અથવા છબીને ચાંદલો ચોખા કરી અબીલ, ગુલાલ, કંકુ અર્પણ કરી પૂજા-અર્ચના કરવી. દીવો અને ધૂપ વગેરે પ્રગટાવીને વિષ્ણુ ભગવાન અને વિશ્વકર્માજીની આરતી કરવી તથા જે લોકો કારીગરી કામ સાથે જોડાયેલા હોય જે લોકો મશીનરીના કામ સાથે જોડાયેલા હોય તેઓએ વિશ્વકર્મા દાદાની પૂજા ખાસ કરવી. ખાસ કરીને જમીન-મકાનના બાંધકામના કામ સાથે જોડાયેલા લોકોએ વિશ્વકર્મા દાદાની પૂજા ખાસ કરવી. આપને કલાકારીગીરીમાં પણ વધારો થશે, વિશ્વકર્મા દાદાએ સોનાની દ્વારકા નગરી પણ બનાવેલી વિશ્વકર્મા દાદાએ તે ઉપરાંત સોનાની લંકા ઈન્દ્રનું તથા શિવજીનું ત્રિશુલ અને પાંડવોની ઈન્દ્રપ્રસ્થ નગરીનું પણ નિર્માણ વિશ્વકર્મા દાદા એ કરેલું છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)



ટ્રાફીક નિયમોના ભંગની દંડની રકમ ભરવા માટે આવકનો સ્ત્રોત વધારવો પડશે!



બજેટ સત્રમાં બુમબરાડા પાડવાનું બજેટ બનાવ્યું.. કે..?

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજીનો માનવીય અભિગમ



(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ પાટણ તા. ૩

ગીર સોમનાથ જીલ્લાનાં પોલીસ વડા સખ્ત પગલાની સાથે માનવ કરૂણા અભિયાન પણ ધરાવે છે. જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી જાડેજા ભુતકાળમાં નર્મદા જીલ્લામાં ફરજ બજાવી ચુકયા છે. તેમણે ફેસબુક ઉપર એક પોસ્ટ વાંચી તેમનું હૃદય કરૂણાથી દ્રવી ઉઠયું. વિગત એવી છે કે તા. ૫-૧-૨૩નાં દિવસે શાળાએથી ઘરે આવતી વેળાને નાંદોદ તાલુકાનાં વાઘેથા ગામની મલ્લીકા રાજેશ વસાવાનો રાજપીપળા એસટી ડેપો ખાતે અકસ્માત થયો હતો. આર્થિક રીતે બાળકીનાં પરીવારની સ્થિતિ ખરાબ હતી. આ બાબતની જાણ થતાં ગામકુવા ગામનાં અતુલ વસાવા બાળકીનાં પરીવારને આર્થજિક મદદ કરી. અન્ય લોકો પણ મદદ કરે એ બાબતની ફેસબુક પોસ્ટ મુકી હતી. જે જીલ્લા પોલીસ વડા ગીર સોમનાથે વાંચીને અતુલ વસાવાને ફોન કર્યો. ઈજાગ્રસ્ત ગરીબ બાળકી વિષે માહિતી મેળવીને તુરત જ ૨૦ હજાર રૂપિયા બાળકીને આર્થિક મદદ માટે મોકલી આપ્યા. ઘાયલ બાળકીનાં પિતા રાજેશ વસાવાએ જણાવ્યું કે રાજપીપળા એસટી ડેપો ઉપર બસ કંડકટરે બસ ઝડપથી વળાંક મારતાં બસનું ટાયર મલ્લીકાનાં પગ ઉપર ચઢી જતાં ગંભીર ઈજા પહોંચી અની અને તેને હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવેલ. બાળકીને ઓપરેશન કરી પગમાં સળીયા નાંખવામાં આવ્યા છે. આમ ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી તેમનાં જીલ્લાનો વિસ્તાર ન હોવા છતાં માનવીય કરૂણતા દાખવી ગુજરાત પોલીસનું 'મે આઈ હેલ્પ યુ'સુત્ર સાર્થક કર્યુ હતું.

# જૂનાગઢ પોલીસ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે લોન ધિરાણ કેમ્પ યોજાયો : ૧૫૦૦થી વધુ લોકોએ લાભ લીધો



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩

જૂનાગઢ પોલીસ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગઈકાલે લોન ધિરાણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૫૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હિતેશ ધાધલીયા તેમજ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ શ્રી શાહ તેમજ ઉચ્ચઅમલદારો આ તકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાજય સરકાર દ્વારા દરેક જિલ્લામાં વ્યાજખોર તત્વો સામે કાર્યવાહી કરીને વ્યાજના નામે લોકોના જીવ લેતા લોકો સામે કાર્યવાહી કરવાના આદેશ આપ્યો છે. જેનાં પગલે જૂનાગઢ પોલીસે શરૂ કરેલી કાર્યવાહીમાં ખુબ જ નાની જરૂરિયાતવાળા લોકો વ્યાજખોર તત્વોનો ભોગ બનતા હોવાનું જાણવા મળ્યું હતું. આથી કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજના હેઠળ મળતી લોન આવા લોકોને મળી રહે એ માટે એસપીના માર્ગદર્શન હેઠળ લોન-ધિરાણ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં વડાલના એક મોટી ઉંમરના વડીલ આવ્યા હતા. જેઓ ફેરિયા તરીકે જૂનાગઢમાં કામ કરે છે. તેમણે પ્રધાનમંત્રી સ્વ સહાય યોજના હેઠળ પ્રથમ રૂા.૧૦ હજારની લોન માટે વિનંતી કરી હતી. જોકે, તેઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હોવાથી તેમને લોન મળવી શક્ય નહોતી. આ સાંભળી જૂનાગઢના જીલ્લા પોલીસ વડાનાં રવી તેજા વાશમશેટ્ટીએ એજ ક્ષણે કહ્યું, કાકા પોલીસ તમારી જામીન પડશે. તાત્કાલિક જ કેશવ ક્રેડિટ કો. ઓપરેટીવ સંસ્થાના અધિકારીએ આ વ્યક્તિને લોન મળી જશે તેવી ખાતરી આપતાં તેમની આંખમાં આંસુ આવી ગયા હતા. જૂનાગઢ પોલીસ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન એસબીઆઈ, બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, ગ્રામીણ બેંક, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને મનપાના સહયોગથી લોન-ધિરાણ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં એસપી રવીતેજા વાશમશેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડિવાયએસપી હિતેષ ધાંધલિયા સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિતિ હતા. આ કેમ્પમાં પ્રધાનમંત્રી સ્વ સહાય યોજના હેઠળ ૩૦૦ જેટલા લોકોને પ્રથમ હપ્તા રૂપે રૂા.૧૦ હજાર મળે એ અંગેના ફોર્મ ભરવામાં આવ્યા હતા. એ ઉપરાંત અન્ય વ્યવસાય માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી સાધન સહાય લોન મળતી હોય તેના માટે ૭૦૦ જેટલા લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુદ્રા યોજના સહિતની વ્યવસાય લક્ષી લોન યોજના અંગે ઉપસ્થિત લોકોને જાણકારી આપવામાં આવી હતી.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ ખાતે ''વિશ્વ કેન્સર દિવસ'' નિમિતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩


ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(GUJCOST) અને ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(DST), ગુજરાત સરકારના નેતૃત્વ હેઠળ કાર્યરત રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે આગામી તા. ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ''વિશ્વ કેન્સર દિવસ'' નિમિતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશ્વિક સ્તર ઉપર જાગૃકતા ફેલાવવા માટે કાર્યરત સંસ્થા ''યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ" દ્વારા ૨૦૨૩માં કેન્સર દિવસની થીમ ''કલોઝ ધ ફેર ગેપ'' રાખવામાં આવેલ છે. આ સંદર્ભે આગામી શનિવારના રોજ સવારે ૧૧ કલાકે વિશ્વ કેન્સર દિવસ ઉપર રાજકોટ કેન્સર સોસાયટીના ઓક્રોલોજિસ્ટ ડો. નિશાંત માધાણી તથા કુંડારિયા કેન્સર પ્રીવેન્શન ફાઉન્ડેશનમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે કાર્યરત ડો. રાધિકા જાવીયાનાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા મુલાકાતીઓએ http://bit.ly/3WG6aWt લિન્ક ઉપર તેમજ ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. વધુ માહિતી માટે ૦૨૮૧-૨૯૯૨૦૨૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટના પ્રોજેક્ટ ડાયરેકટરની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટની ભાગોળે આહલાદક વાતાવરણમાં પ્રકૃતિપ્રેમી, રંગબેરંગી પક્ષીઓની સ્વીકૃતિનો અનેરો સૌંદર્ય સમન્વય એટલે ''રાંદરડા તળાવ''

## રંગબેરંગી પક્ષીઓમાં બ્લેક નેક આઈબિસ, બ્લેકવિંગ સ્ટિલ્ટ, કુટ, ગ્રે હેરોન, ગ્રેટ વ્હાઈટ પેલિકન, પિંક બેકડ પેલિકન, બ્રાઉન હેડેડ, સુરખાબ, ગ્રેટર ફલેમિંગો, મલાર્ડ નીલશિર, સીગલ સહિત વિવિધ જાતનાં વિદેશી પક્ષીઓને જોવા રાંદરડા તળાવની મુલાકત અચુક લેવા જેવી









(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩

શિયાળાની ઋતુમાં આહલાદક વાતાવરણમાં રાજકોટ શહેરની ભાગોળે આવેલી પ્રદ્યુમ્ન પાર્કની ટેકરીઓની ફરતે રાજાશાહી વખતનું આશરે ૧૦૦ વર્ષથી વધુ પુરાણું પ્રકૃતિ, પક્ષી અને પાણીનાં સુભગ સમન્વય સાથેના રાંદરડા તળાવ ઉપર યાયાવર વિદેશી પક્ષીઓ હજારો માઈલનું અંતર કાપીને ભારત દેશના વિવિધ રાજ્યોને પોતાનું અસ્થાયી નિવાસસ્થાન બનાવે છે ત્યારે રાજકોટવાસીઓને ઘરઆંગણે સૂર્યોદયના શ્રેષ્ઠ દ્રશ્યો સાથે પ્રકૃતિની ગોદ અને સુંદર મજાના કુદરતની અફાટ સુંદરતા ધરાવતા અવનવાં પક્ષીઓના સુમધુર કલરવ સાથે આહલાદક અનુભવ કરાવતો નઝારો શહેરમાં ભાગ્યે જ જોવા મળતો આ લ્હાવો સહેલાણીઓ સાથે પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. વિદેશના પંખીઓ દર વર્ષે નિયત સમયે પોતાના દેશથી ભારતના ચોક્કસ સ્થળોએ કઈ રીતે આવી જતા હશે ! પંખીઓ રસ્તો કેમ શોધતા હશે ! તેઓ મૂળ સ્થાને ફરી કેમ પહોંચતા હશે ! કુદરતની અફાટ સુંદરતા ધરાવતા યાયાવર પક્ષીઓમાં ગજબની શક્તિ હોય છે. હાલના ગાળામાં ઠંડા પ્રદેશમાં રહેવાની તથા ખોરાકની તકલીફ હોવાથી યાયાવર પક્ષીઓ બચ્ચાને જન્મ આપવા સાવ એકાંત અને છીછરા પાણીવાળી અને સહેલાઈથી ખોરાક મળી શકે તેવી જગ્યા વધુ પસંદ કરે છે. તેથી દર વર્ષે શિયાળાની ઋતુ આવતાની સાથે યાયાવર પક્ષીઓ હજારો માઈલનું અંતર કાપીને ભારત દેશના વિવિધ રાજ્યોને પોતાનું અસ્થાયી નિવાસસ્થાન બનાવે છે. ગુજરાતનો પ્રદેશ વિદેશી પક્ષીઓ માટે સાનુકૂળ અને સુરક્ષિત સ્થળ હોવાથી શિયાળાની ઋતુમાં અહીં યાયાવર પક્ષીઓ મોટી સંખ્યામાં મટી પડે છે. છીછરી જળરાશિ ધરાવતા જળપ્લાવિત વિસ્તારોમાં મોટા પ્રમાણમાં આ પક્ષીઓ રોકાય છે. ઉત્તર ધ્રુવમાં કાતિલ શિયાળાની ઋતુ પૂર્ણ થતાં જ આ પક્ષીઓ પુનઃ પોતાના માદરે વતન તરફ પ્રયાણ કરે છે. આ પક્ષીઓ સૂર્ય અને ચંદ્રની સ્થિતિ જોઈને પોતાના જે - તે સ્થાન ઉપર પહોંચતા હોય છે. રાજકોટ શહેરની ભાગોળે આવેલી પ્રદ્યુમ્ન પાર્કની ટેકરીઓની ફરતે રાજાશાહી વખતનું આશરે ૧૦૦ વર્ષથી વધુ પુરાણું રાંદરડા તળાવ પ્રકૃતિ, પક્ષી અને પાણીનાં સુભગ સમન્વય સાથે પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહયું છે. આ તળાવનું બાંધકામ વર્ષ ૧૮૮૯ થી ૧૮૯૧ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેની નજીકમાં જ આવેલું લાલપરી તળાવ વર્ષ ૧૯૯૫ થી ૧૯૯૮ દરમ્યન બાંધવામાં આવ્યું હતું. મીઠા પાણીના છલોછલ તળાવો અને ખોરાક સહેલાઈથી મળી જતો હોવાથી વિદેશી પક્ષીઓ આ બંને તળાવો ઉપરાંત, ન્યારી ડેમ સહિતની સાઈટ ખાતે તેમના અસ્થાયી નિવાસસ્થાન બનાવે છે. રાંદરડા બીટના વનરક્ષક વિશાલ એચ.ડાંગર અને માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડનશ્રી ભાવેશ ત્રિવેદીએ પક્ષીઓ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, બ્લેક નેક આઈબિસ (ધોળી કાંકણસાર), બ્લેકવિંગ સ્ટિલ્ટ(ગજપાવ), કુટ(ભગતડુ), ગ્રે હેરોન(કબૂત બગલો), ગ્રેટ વ્હાઈટ પેલિકન, પિંક બેકડ પેલિકન(ગુલાબી પેણ), બ્રાઉન હેડેડ, સુરખાબ, ગ્રેટર ફલેમિંગો, મલાર્ડ નીલશિર, ડેમોઝિલ ક્રેન (કરકરા), ગાર્ગેની, પીનટેલ, માટીના ગારામાંથી ખોરાક લેતાં કાળી પૂંછડીવાળા ગોડવિટ, રફ, સેન્ડ પાઈપર, પ્લોવર, સહિત અલગ અલગ જાતનાં સીગલ જેવા જુદી જુદી પ્રજાતિના રંગ-બેરંગી પક્ષીઓ સાથે અહીં તેનો કલરવ અને સુંદરતા નજીકથી જોવા મળે છે. આ તળાવ સહેલાણીઓ માટે યાયાવર પક્ષીઓનું નિરીક્ષણ સ્થળ બની ગયું છે. જુદી જુદી પ્રજાતિના એક સાથે ૨૦૦થી વધુ સુંદર પક્ષીઓને તેમના કુદરતી જીવનમાં નિહાળવા અને કલરવ સંભાળવા દૂર દૂરથી લોકો આવે છે. રાંદરડા ખાતે પ્રાકૃતિક શિબિરનું પણ આયોજન થાય છે. જેમાં પક્ષીઓ અંગેની વિવિધ માહિતી આપવામાં આવે છે. શહેરમાંથી લોકો વહેલી સવારે અથવા મોડી સાંજે આ જાતજાતના પક્ષીઓને નિહાળવા અને પક્ષીઓને ખોરાક ખવડાવવા પણ આવે છે. સૂર્યોદયના શ્રેષ્ઠ દ્રશ્યો સાથે પ્રકૃતિની ગોદ અને સુંદર મજાના પક્ષીઓના સુમધુર અવાજો એક આહલાદક અનુભવ કરાવે છે. પક્ષીઓનો કલરવ નિહાળવાનો નઝારો શહેરમાં ભાગ્યે જ જોવા મળતો હોય છે. હજારો માઈલ દૂરથી ઊડીને આવતાં અવનવાં પક્ષીઓને નિહાળવાનો લ્હાવો રાજકોટવાસીઓને ઘરઆંગણે મળ્યો છે ત્યારે રાજકોટવાસીઓને આ સ્થળોએ પધારવા માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન ભાવેશ ત્રિવેદીએ અનુરોધ કર્યો હતો.

## ખંભાળિયાના પત્રકારની મીડિયા સેલના સહ કન્વીનર તરીકે નિયુક્તિ

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે રહેતા અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયા જગત સાથે સંકળાયેલા પત્રકાર જયસુખભાઈ મોદીની દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગલ દ્વારા જિલ્લા ભાજપના મીડિયા સેલના સહ કન્વીનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની આ વરણીને જિલ્લાના પત્રકારો તથા ભાજપના હોદ્દેદારો, આગેવાનોએ આવકારીને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં સૈયદનાં અલી શૈરે ખુદા તથા ગરીબે નવાઝની યૌમે વિલાદતનાં મૌકા ઉપર હિજામા કેમ્પ તથા જલ્સાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩

જૂનાગઢ અમીરે અહલે સુન્નત હઝરત પી નુરમુંહમદ મારફાની સાહેબે અલયહીર્રહમાં દ્વારા સ્થાપિત ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ, મસ્જીદે રઝા તરફથી તા.૫-૨-૨૦૨૩ રવિવારે રાત્રે ઈશાની નમાઝ બાદથી રાત્રીનાં ૧૦:૪૫ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં મૌલાએ કાએનાત, હુઝુર સૈયદનાં અલી શૈરે ખુદા રદીઅલ્લાહુ તઆલા અન્હુ તથા સુલ્તાનુલ હિન્દ હુઝુર ખ્વાજા ગરીબે નવાઝ રદીઅલ્લાહુ તઆલા અન્હુની યૌમે વિલાદતનાં મૌકા ઉપર હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરીની સરપરસ્તીમાં નાતો મનકબતનાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જે જલ્સામાં સર્વે મુસ્લિમ બિરાદરોને બહોળી સંખ્યામાં હાજરી આપવા ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહની યાદીમાં જણાવાયું છે. વધુમાં મૌલાએ કાએનાત, હુઝુર સૈયદનાં અલી શૈરે ખુદા રદીઅલ્લાહુ તઆલા અન્હુ તથા સુલ્તાનુલ હિન્દ હુઝુર ખ્વાજા ગરીબે નવાઝ રદીઅલ્લાહુ તઆલા અન્હુની યૌમે વિલાદતનાં મૌકા ઉપર તા.૫-૨-૨૦૨૩ રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી મસ્જીદે રઝા પાસે નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્રમાં ભાઈઓ માટે હિજામા કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. જે ભાઈઓ હિજામા કરાવવા ઈચ્છતા હોય તેઓ નીચે આપેલ મોબાઈલ નંબર ઉપર નામ નોંધવી દેવું. મો.નં.૯૯૦૪૧ ૩૬૭૮૬, ૯૮૨૪૨ ૦૨૬૯૫, ૭૮૭૪૪ ૮૭૬૩૬, ૯૯૯૮૮ ૩૯૪૦૬ સર્વે બિરાદરોને આ હિજામા કેમ્પનો પણ લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# કલ્યાણપુરના ધતુરીયા ગામે ગાંજાનું વાવેતર ઝડપાયું

જામ ખંભાળિયા તા.૩

કલ્યાણપુર તાલુકાના ધતુરીયા ગામની સીમમાં રહેતા મારખીભાઈ કરશનભાઈ કેશુભાઈ વારોતરીયા નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનની દિવાલ પાસે ગાંજાનું વાવેતર કરવામાં આવતા આ અંગે જિલ્લા એસ.ઓ.જી. વિભાગના એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ એમ. જાડેજા દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં આરોપી મારખી કરશનભાઈ વારોતરીયા દ્વારા ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલા રૂપિયા ૧૮,૫૦૦ની કિંમતના ૧.૮૫૦ કિલોગ્રામ ગાંજાના છોડ તથા રૂપિયા ૯૩૩૦ની કિંમતના ૯૩૩ ગ્રામ સૂકા ગાંજા સહિત કુલ રૂપિયા ૨૭,૮૩૦ નો મુદ્દામાલ કબજે કરી, તેની સામે એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# બિલખાનાં મંડલીકપુર પાસેથી બિનવારસી કારમાં દેશી દારૂ મળી આવેલ : કારચાલકની શોધખોળ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩


બિલખા પીએસઆઈ રાજેન્દ્રસિંહ પી. ચુડાસમા તથા પો.કો. આશિષભાઈ વડીયાતર, બહાદુરસિંહ સિસોદીયા સહિતનો સ્ટાફ રાત્રીનાં પેટ્રોલીંગમાં હતો દરમ્યાન બિલખા અને મંડલીકપુર ગામ વચ્ચે રોડ સાઈડમાં નીચે એક સફેદ કલરની એસેન્ટ કાર નંબર જીજે-૦૧-એચએફ-૪૫૪૨ બિનવારસી બંધ પડેલી હાલતમાં જોવામાં આવતા તે ચેક કરતા ડેકીમાં દેશીદાર લીટર ૧૭૫ મળી આવતા કાર સહિત કુલ કિ.રૂા.૧,૩૫૦૦૦ કબ્જે કરી આ દેશી દારૂ તથા કાર સ્તામાં કોણે મુકી તે જતુ રહ્યું અને દારૂ કયાંથી આવ્યો, કોને દેવાનો હતો તેની વધુ તપાસ પીએસઆઈ આર.પી. ચુડાસમાએ હાથ ધરી છે.

# વંથલીમાં દુકાનમાંથી રૂા.૨ લાખની રોકડ અને પાસબુક સહિતની થેલીની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૩

વંથલીમાં બોરડી ચોરા પાસે શ્યામ એપાર્ટમેન્ટની પાછળ રહેતા લક્ષ્મીચંદ નામદેવભાઈ મંદાણી સિન્ધી લોહાણા(ઉ.વ.૪૨)એ આશરે ૨૦ વર્ષની ઉંમરનાં અજાણ્યો છોકરો કે જેને સફેદ કલરનો શર્ટ પહેરેલ હતો તેનાં વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, અજાણ્યા આરોપીએ ફરિયાદીની દુકાનમાંથી ચોરી કરવાનાં ઈરાદે ફરિયાદીની પત્ની ખોટું બોલી ફરિયાદીની પાછળ મોકલી અને દુકાનમાં ફરિયાદી તથા સાહેદ હાજર ન હોય તે દરમ્યાન દુકાનમાં પ્રવેશ કરી અને થળાનાં ટેબલનાં ખાનામાંથી રૂા.૨ લાખ તથા ફરિયાદીની બેંકની પાસબુક અને ચેકબુકની થેલી સહિતની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વંથલી પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ નોબલ સ્કૂલનાં પુર્વ વિદ્યાર્થી વિરલ જોષીએ ન્યુઝીલેન્ડમાં નવી કેડી કંડારી



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩

જૂનાગઢ અકિલાનાં પત્રકાર વિનુભાઈ જોષીનાં પુત્ર વિરલએ જૂનાગઢની નોબલ સ્કૂલનાં ધો. કેજીથી લઈ ૧૨ સાયન્સ સુધી અભ્યાસ કરી હાલ ન્યુઝીલેન્ડમાં નવી કેડી કંડારી ન્યુઝીલેન્ડનાં ઓકલેન્ડ સીટીમાં મનુકાઉ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી(એમઆઈટી)માં હુમન રિસોર્સ મેનેજમેન્ટનો અભ્યાસ કરી અને ત્યાંની બોનાકોર્ડ પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં આસી. મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. ત્રણ વર્ષ બાદ વિરલ ભારતમાં માદરે વતન જૂનાગઢ એક માસ માટે આવી પહોંચતા તેણે સૌપ્રથમ જે શાળામાં અભ્યાસ કરેલ તે નોબલ સ્કૂલની મુલાકાત લઈ શાળા સંચાલક કે.ડી. પંડયાનાં તથા આચાર્ય રેખાબેન ઓડેદરાને મળી તેનાં આર્શિવાદ મેળવ્યા હતા અને વિદ્યાર્થી જીવનનાં પ્રસંગો યાદ કરી શાળા પરિવાર પ્રત્ય અહોભાવ વ્યકત કર્યો હતો.


## શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે

જૂનાગઢનાં સંગીતાબેન ગોપાલભાઈ કારીયા (રહે. રોયલ પાર્ક) વાળાનાં શ્રી રોયલ કો. સોસાયટી ઓ. સહકારી મંડળી લી.નાં નંબર ૫૫૬ થી ૫૬૦નાં પાંચ શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે, જે કોઈને આ અગત્યનાં ડોકયુમેન્ટસ મળે તો આપી જવા વિનંતી.

લી.
સંગીતાબેન ગોપાલ ભાઈ કારીયા
(રોયલ પાર્ક બી.૧ ૫૦૨)



## શ્રધ્ધાંજલી




સ્વ.મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા (રીબડા)

તમારૂ જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા, અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ ભાવનાશીલતાને કયારેય નહીં ભુલીએ, ભગવાન તમારા શુધ્ધ આત્માને શાંતિ આપે

લી.
ઉમર જીકરભાઈ ભોજાણી (બીલખાવાળા)
પ્રમુખ - સીટી મેમણ સેવા સમાજ, જૂનાગઢ
જોરૂવાળા પુંજાવાળા દરબાર, જૂનાગઢ
મજેવડીવાળા મેમણ જમાત, જૂનાગઢ

## અખબારી જાતના સંનિષ્ઠ યોધ્ધા

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયને કોટી... કોટી... વંદના







## ગઈકાલે યોજાયેલી પ્રાર્થના સભામાં ઉપસ્થિતોએ પત્રકાર જગતને ઉજળુ કરી આપનાર સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવાંજલી અર્પણ કરી

જૂનાગઢ, તા.૩

અખબારી જગતના સનિષ્ઠ યોધ્ધા અને જૂનાગઢના સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ગઈકાલે પ્રાર્થના સભામાં ભાવાંજલી અર્પણ કરવામાં આવી હતી.

તાજેતરમાં ગત તા.૩૦/૧/૨૦૨૩ સોમવારના રોજ અખબારી જગતના ભિષ્મ પિતા એવા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયનું નિધન થતા અખબારી આલમમાં અને પત્રકાર જગતમાં તેમજ આમ જનતામાં શોકની લાગણી છવાય ગઈ હતી. ગઈકાલે ભુતનાથ સત્સંગ હોલ ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવી હતી જેમાં નાણાવટી બ્રધર્સના સંગીતના સથવારે અને ભજનાવલી સાથે મુઠી ઉંચેરા માનવી એવા કાર્તિકભાઈ ઉપાધ્યાયને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ગઈકાલે યોજવામાં આવેલી પ્રાર્થના સભામાં સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયના પરીવારજનો, સગા-સ્નેહિજનો, શુભ ચિંતકો, પારીવારીક સબંધ ધરાવતા વિશાળ અગ્રગણીય નાગરીકો તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો, મહાનુભાવો, વરીષ્ઠ સંતો, મહંતો, જુદા જુદા ક્ષેત્રના વરીષ્ઠ અગ્રણીઓ રાજકીય પક્ષોના આગેવાનો તેમજ અખબારી જગતના તંત્રીશ્રીઓ તેમજ પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પત્રકાર મિત્રો તેમજ સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાય સાથે દિલના નાતા સાથે જોડાયેલા અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પરમ કૃપાળુ પરમાત્મા સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવાંજલી અર્પણ કરી હતી. (તસ્વીર : રમેશભાઈ રાઠોડ)



## જૂનાગઢમાં પોસ્ટ ઓફીસ રોડ ઉપર પૂ. જલારામ બાપા અને વિરબાઈ માતાજીનાં મંદિર નિર્માણની ચાલતી કામગીરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

જૂનાગઢનાં પોસ્ટ ઓફીસ રોડ ઉપર જલારામ બાપા તથા શ્રી વીરબાઈમાંનું મંદિર તથા જલારામ સેવા સંકુલનાં નિર્માણ કાર્ય માટે પ્લાન બનાવવા માટે ગુજરાતના ખ્યાતનામ મંદિર નિર્માણ સ્થાપત્યકાર આશિષભાઈ સોમપુરા તથા જૂનાગઢનાં અને હાલ અમદાવાદ સ્થાયી થયેલા ગુજરાતનાં અગ્રણી સ્ટ્રકચરલ એન્જીનીયર વિરેનભાઈ પારેખ તથા જૂનાગઢનાં સીનીયર સીવીલ એન્જીનીયર જીજ્ઞેશભાઈ ભીમજીયાણીની ટીમે તાજેતરમાં સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ તકે જલારામ સેવા ટ્રસ્ટનાં મહેન્દ્રભાઈ મશરૂ સહિતનાં ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયા હતાં. આ સ્થળે જલારામ બાપા તથા વીરબાઈમાંનું વિશાળ પરીસર સાથેનું મંદિર બને તથા સાથે સત્સંગ હોલ, ભોજનખંડ, ઉતારાનાં રૂમો, પાર્કીંગ વ્યવસ્થા, સ્વરોજગાર તાલીમ ગૃહ જેવી ધાર્મિક તથા સામાજીક સેવાઓ થઈ શકે તેવો પ્લાન બનાવવા તથા પ્લાન-એસ્ટીમેટ વહેલી તકે બનાવી આપવા ટ્રસ્ટીઓને અનુરોધ કર્યો હતો. આવેલ નિરીક્ષકોએ અલગ અલગ મંદિરોમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## જૂનાગઢ સહિત સોરઠમાં ૧૨.૭ ડીગ્રી ઠંડી

જૂનાગઢ તા. ૩ : ગિરનાર પર્વત ઉપર આજે બીજા દિવસે પણ ઠંડીનું મોજુ રહયું હતું. સવારનાં ૭.૭ ડીગ્રી ઠંડી નોંધાઈ હતી. જયારે જૂનાગઢ સહિત સોરઠમાં ૧૨.૭ ડીગ્રી ઠંડી નોંધાઈ છે.


**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

**સમારકામનું કામ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ભાવનગર પરા, કેરેજ રીપેર વર્કશોપ, ભાવનગર પરા નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) **કામનું નામઃ ઈ-ટેન્ડર નોટીસ નં.: BVPW-2022-23-Seat-29** કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરામાં બીજી પીઓએચ કોચીઝની સીટ/બર્થને 1 વર્ષ માટે વિખેરી નાખવાનું, સ્વચ્છ કરવાનું, સમારકામ કરવાનું, સંભાળવાનું અને પુનઃફીટ કરવાનુ કામ . (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 96,71,099.29/-, (3) **જમા કરાવવાની બીડ સિક્યોરીટી :** ₹ 1,93,400/- (4) **બીડ જમા કરાવવાની અને બીડ ખુલવાની તારીખ : જમા :** 20.02.2023 ના 11.00 કલાક સુધીઃ **ખોલાશે :** 20.02.2023 ના 11.30 કલાક બાદ, (5) **વેબસાઈટ વિગતો અને ઓફિસનું સરનામું : www.ireps.gov.in** સીડબલ્યુએમ-બીવીપીનું કાર્યાલય, કેરેજ રીપેર વર્કશોપ, ભાવનગર પરા-364003 129

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**

**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

Kelvinator

**બીના ઈલેકટ્રોનિકસ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


## : ઋણ સ્વિકાર :



**સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય**

**સ્વ. તા. ૩૦-૦૧-૨૦૨૩**

સૌરાષ્ટ્ર ભૂમિ પરિવારનાં મોભી અને અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાર્તિકભાઈ ઉપાધ્યાય કૈલાશવાસી થતાં અમારા પરિવાર ઉપર આવી પડેલ દુઃખમાં નાનામાં નાની વ્યકિતથી લઈ ઉચ્ચકક્ષા સુધીનાં પદાધિકારીઓ, આગેવાનો, સ્નેહીજનો, મિત્રો, શુભેચ્છકો, હિતચિંતકો સહિત સહુ કોઈએ રૂબરૂ, ટેલીફોન, તેમજ મેસેજ દ્વારા અમોને સાંત્વના પાઠવી અને અમોને સધિયારો આપનાર તમામનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ.

લી.

**અભિજીત કાર્તિકભાઈ ઉપાધ્યાય**

**તથા ઉપાધ્યાય પરિવારનાં જય શ્રીકૃષ્ણ**

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવાર - જૂનાગઢ**